Web Design

ગુજરાતી આવૃત્તિ

- HTML
- CSS
- Website Developing
- JavaScript
- VBScript
- Dreamweaver CS3
- Website Uploading

COMPUTER™ WORLD
PUBLICATION

VISIT…

LANZAROTE Caliente.COM

Web Design

HTML
CSS
Website Developing
Java Script
VBScript
Dreamweaver Cs3
Website Uploading



COMPUTER WORLD
43, 5th Floor, Sanidhya Complex,
Nr. M. J. Library, Opp. Sanyas Ashram,
Ashram Road, Ahmedabad-380 009.
Ph. : (079) 66611150-80, 26580823

A Division of Live Education System Pvt. Ltd.

URL : www.computerworld.ind.in
www.cworld.co.in
e-Mail : info@computerworld.ind.in

Publish By :

COMPUTER WORLD

A Division of Live Education System Pvt. Ltd.
An ISO 9001 : 2008 Certified Company

Kalpesh Patel - kalpesh@computerworld.ind.in

Prepare by : Computer World Research Department

Price : ₹. 299/-

ISBN : 978-93-80010-00-7

Book Code : CG016

Edition : 6th

Contact : 43, 5th Floor, Sanidhya Complex, Opp. Capital Comm. Center, Ashram Road, Ahmedabad-380009
Phone : +91-79-26580823/723, 66611150/80, Mobile : 9724011150
URL : www.computerworld.ind.in
e-Mail : info@computerworld.ind.in

Web Design 6TH-25082016

Web Design

Introduction

આજના Globalization અને Technology ના યુગમાં વેબસાઈટનું ખૂબ જ મહત્ત્વ છે. મોટાભાગે દરેક કંપની કે સંસ્થાને પોતાની વેબસાઈટ હોય છે. જેટલું મહત્ત્વ વેબસાઈટનું છે તેટલું જ મહત્ત્વ વેબસાઈટને ડિઝાઈન કરવાનું છે.

આ પુસ્તકમાં વેબસાઈને ડિઝાઈન કરવા માટે ઉપયોગમાં આવતી વિવિધ Language જેવી કે HTML, CSS, JavaScript, VBScript વગેરે તથા ડિઝાઈનીંગ માટેના ખાસ Software Dreamweaver CS3 નો ઉલ્લેખ કરેલ છે. આ ઉપરાંત Web Development તેમજ Uploading અંગે પણ આકૃતિ સાથે સમજાવેલ છે.

HTML કે જેમાં વેબસાઈટમાં ઉપયોગમાં આવતા Fonts, Images, Link, Table, Frame વગેરેનો ઉલ્લેખ કરેલ છે. CSS કે જેમાં વેબપેજની ડિઝાઈન કેવી રીતે કરવી તેનો ઉલ્લેખ કરેલ છે. આ ઉપરાંત JavaScript તથા VBScript માં વેબપેજ પરના Contents ને Control કરવા માટેનાં Objects, Method અને Events નો ઉલ્લેખ કરેલ છે.

Dreamweaver CS3 એ WYSIWYG અને વેબસાઈટ ડિઝાઈન માટેનું ખાસ ઉપયોગમાં લેવાતું software છે. HTML Editor ની મદદથી code type કર્યા વગર વેબપેજ ડિઝાઈનીંગ કેવી રીતે કરવું ? તે સમજાવેલ છે. Dreamweaver CS3 નાં અંતમાં વેબસાઈટ ડિઝાઈનનું ઉદાહરણ આકૃતિ સહિત સમજાવેલ છે.

Web Development માં Website કઈ રીતે બનાવવી તેમજ તેને Upload કરવા માટે Website Uploading માં સમજાવવામાં આવ્યું છે.

આ પુસ્તકને લગતા આપના અમૂલ્ય સૂચનો આવકાર્ય છે.

Content



Web Design

JavaScript — 1 to 74

VBScript — 1 to 145

Web Design

Dreamweaver CS3 — 1 to 88

Website Uploading — 1 to 10

The Successful always has a number of projects planned, to which he looks forward. Anyone of them could change the course of his life overnight

<HTML>
<HEAD>
<TITLE> ORDERED L
</HEAD>
<BODY BGCOLOR = "green" T
VLINK = "PURPLE" ALINK = "RED
<MARQUEE> ORDERED LIST </MA

BCA FIRST YEAR
<OL TYPE = "I">
<LI> Communicative English
<LI> Programming in C La
<LI> Advanced MAthe
</OL>

BCA SECOND YEA
<OL TYPE = "i"
<LI

<HTML>

Small opportunities are
often the beginning
of great enterprises

<HTML> <HEAD> <TITLE> </HEAD> BODY BGCOLOR LINK = "PURPLE"

<HTML>

Chapter-1

Introduction To HTML

Introduction

HTML નું પુરૂ નામ Hyper Text Markup Language છે. તે કોઈ programming language નથી, પણ તે એક formatting language છે. HTML ની મદદથી કોઈ Calculation કે logic apply કરી શકાતું નથી. HTML એ tags ની બનેલી language છે તેમાં પ્રત્યેક tags ના ચોક્કસ function હોય છે. જેમકે COLOR = "Red" command થી webpage માં background નો color અથવા font નો color બદલી શકાય છે. HTML ને Text Formatting Language પણ કહી શકાય કારણ કે HTML ની મદદથી text ની size વધારી કે ઘટાડી શકાય છે. તેમજ text નો color, text ની style જેવી કે **Bold**, *Italics*, Underline આપી શકાય છે.

HTML ની વિશિષ્ટતાઓ :

- HTML ની સૌથી પહેલી વિશિષ્ટતા એ છે કે તે કોઈપણ Operating System પર work કરે છે. એટલે કે Windows-95, Windows-98, Windows-2000, Windows NT Work-Station, Unix કે પછી Linux. કોઈપણ Operating System હોય તો પણ HTML નો ઉપયોગ થઈ શકે છે.
- HTML ની બીજી વિશિષ્ટતા એ છે કે HTML ની મદદથી બનાવવામાં આવતા webpage ને બીજા webpage સાથે link કરી શકાય છે. એટલે કે એક webpage પરના option ને click કરી બીજુ webpage open કરી શકાય છે.

HTML નો ઉદ્ભવ :

HTML એ SGML (Standard Generalized Markup Language) પરથી બનેલી language છે. SGML એ ISO (International Standard Organization) દ્વારા develop કરવામાં આવી હતી. સૌ પ્રથમ SGML નો ઉપયોગ Text Formatting Language તરીકે થતો હતો ત્યારબાદ SGML પરથી Hyper Text Markup Language (HTML) બનાવવામાં આવી જેનો ઉપયોગ WWW (World Wide Web) પર થતો હોવાથી તે ધીમે ધીમે WWW માટે લોકપ્રિય બનતી ગઈ, અને webpage બનાવવા માટે HTML નો ઉપયોગ થવા લાગ્યો.

HTML નો ઉપયોગ :

આજના Internet ના યુગમાં HTML ની મદદથી website બનાવી શકાય છે. Website એ અલગ-અલગ webpage નું collection છે.

- HTML ની મદદથી જુદાજુદા color ના background વાળા webpages બનાવી શકાય છે. જેમાં અલગ અલગ size ના, style ના કે પછી color ના font મૂકી શકાય છે. તેમજ webpage માં images જેવી કે, .BMP, .GIF, .JPG વગેરે display કરી શકાય છે. આ ઉપરાંત webpage માં

જરૂરીયાત પ્રમાણે Table અને Frame પણ મૂકી શકાય છે. Order form કે પછી કોઈપણ જાતના form પણ બનાવી શકાય છે. જેની મદદથી user website દ્વારા કોઈપણ વસ્તુનો order આપી શકે છે કે E-mail કરી શકે છે. આ order form માં Textbox, Listbox, Combobox, Checkbox અને Radio button નો ઉપયોગ થઈ શકે છે.

⇨ HTML ની મદદથી બે કે તેથી વધુ webpages વચ્ચે hyperlink મૂકીને એક webpage ની મદદથી બીજુ webpage open કરી શકાય છે. આમ website ના homepage પરથી website ના બધા જ webpage પસંદગી મુજબ open કરી શકાય છે. આ ઉપરાંત webpage માં audio કે video file પણ મૂકી શકાય છે.

HTML ની મદદથી Webpage બનાવવાની રીત :

શરૂઆતમાં webpage ના command નો ઉપયોગ કરી એક file બનાવવામાં આવે છે. જેના દ્વારા પસંદગી મુજબ webpage બનાવી શકાય છે. તે file ને .htm કે .html extension થી save કરવામાં આવે છે. આટલુ કર્યા પછી તે file ને Internet Explorer કે Netscape Navigator માં open કરવામાં આવે છે. ત્યારબાદ Internet Explorer કે પછી કોઈપણ web browser તે file ને compile કરીને પછી તે file મુજબ screen પર output display કરે છે.

Webpage બનાવતી વખતે ધ્યાનમાં રાખવાની બાબતો :

⇨ Webpage બનાવતી વખતે ધ્યાનમાં રાખવાની સૌથી પહેલી બાબત webpage ના background ની છે. ધારો કે કોઈ Hospital ની કે પછી કોઈ Library ની website બનાવીએ અને webpage નો color લાલ કે પીળો રાખો તે યોગ્ય નથી, માટે webpage ના background નો color website ના subject પ્રમાણે હોવો જોઈએ. એટલે કે hospital ની website હોય તો background નો color white અથવા કોઈ ઝાંખો color હોવો જોઈએ. આ ઉપરાંત એટલું ધ્યાન રાખવું જોઈએ કે webpage ના background અને text નો color એકબીજા સાથે match ન થવો જોઈએ.

⇨ Webpage આકર્ષક બનાવવું જોઈએ કે જેથી user ને તેનો ઉપયોગ કરતા કંટાળો ન આવે.

⇨ Webpage ને આકર્ષક બનાવવા માટે જરૂરિયાત પ્રમાણે તેમાં Image file, Audio file કે પછી Video file add કરી શકાય, તેમજ જે subject માટે website બનાવીએ તો તે subject ને લગતી short information display કરવા માટે logo મૂકવા જોઈએ. તેમજ webpage માં જરૂર પ્રમાણે Table તેમજ Frame નો ઉપયોગ કરવો જોઈએ.

⇨ Webpage માં જરૂર પ્રમાણે animated file પણ add કરવી જોઈએ, જેથી webpage સારું દેખાય.

⇨ Webpage માં જે તે company ને લગતી બધી જ information વ્યવસ્થિત રીતે display કરવી.

⇨ Website બનાવતી વખતે એ પણ ધ્યાન રાખવું જોઈએ કે બે webpage વચ્ચેની Hyperlink બરાબર હોવું જોઈએ, એટલે કે જે તે webpage માટે તે પ્રમાણેની information આપતું જ webpage open થવું જોઈએ.

⇨ આમ, webpage બનાવતી વખતે જે page બનાવવામાં આવે તે company કે subject ની website નું advertisement છે. તેથી તે આકર્ષક હોવુ જ જોઈએ. webpage બનાવતી વખતે આટલી બાબતો ધ્યાનમાં લેવી જરૂરી છે.

<HTML>

Chapter-2
Important Tag

Introduction

આજના Internet ના યુગમાં જુદી જુદી માહિતી, મનોરંજન તેમજ જ્ઞાન આપતી website બની રહી છે. હવે આ chapter માં આવી website કેવી રીતે બને છે, તેમજ HTML નો website બનાવવામાં કેટલા અંશે ફાળો છે, એટલે કે website બનાવવામાં HTML ના command નો ઉપયોગ કેવી રીતે થાય છે, તેના વિશે માહિતી મેળવીશું.


Create a HTML Document :

સૌ પ્રથમ HTML document કેવી રીતે બનાવવામાં આવે છે, તેના વિશેની માહિતી મેળવીએ.

સૌ પ્રથમ HTML commands ની મદદથી બનાવવામાં આવેલા HTML document ને Notepad માં કે તેના જેવા બીજા editor માં લખવામાં આવે છે. અહીં નીચે Notepad ની window દર્શાવવામાં આવી છે. શરૂઆતમાં Notepad open કરતાં તે Untitled તરીકે open થાય છે. ત્યારબાદ તેમાં HTML code લખવામાં આવે છે.



Save a HTML Document :



Notepad માં બનાવેલ HTML File ને .htm અથવા .html extension થી save કરવામાં આવે છે.

HTML File ને save કરતાં Save As નો dialog box જોવા મળે છે. અહીં filename માં જરૂરી file નું નામ આપી Save button પર click કરતાં HTML Document save થાય છે.

Browse a HTML Document :

અહીં Internet Explorer ની window દર્શાવવામાં આવી છે.



- Back : જ્યારે એક webpage પરથી તેના આગળના webpage પર જવું હોય તો Back button નો ઉપયોગ થાય છે.
- Forward : જ્યારે એક webpage પરથી તેના પછીના webpage પર જવું હોય તો Forward button નો ઉપયોગ થાય છે.
- Home : Open કરેલી website ના જે તે webpage પરથી set કરેલા મૂળ webpage પર પરત જવા માટે Home button નો ઉપયોગ થાય છે.
- Refresh : Webpage ની source file માં કરેલ changes ને webpage માં effect આપવા માટે Refresh button નો ઉપયોગ થાય છે.
- Stop : જ્યારે website open થતું હોય ત્યારે તેને open થતું અટકાવવા માટે Stop button નો ઉપયોગ થાય છે.
- Addressbar : જે website અથવા webpage open કરવું હોય તેનું નામ Address bar માં લખવામાં આવે છે. (દા.ત. www.yahoo.com)
- Search : કોઈપણ website કે topic ને online find કરવા માટે Search button નો ઉપયોગ થાય છે.
- Mail : Mail check કરવા માટે Mail button નો ઉપયોગ થાય છે.
- Print : Open કરેલી website માં રહેલા webpage અથવા Mail ની print કાઢવા Print button નો ઉપયોગ થાય છે.

અહીં HTML થી બનતા બધા જ webpage open કરવા માટે Internet Explorer નો ઉપયોગ કરવામાં આવે છે.

આટલું વાંચ્યા પછી HTML webpage કેવી રીતે બને છે તે જાણી શકાય. હવે HTML webpage બનાવવા માટે વપરાતા HTML tags વિષેની જાણકારી મેળવીશું.

HTML Tags અંગે ધ્યાનમાં રાખવાની બાબતો :

HTML Tags ને < > (એંગલ બ્રેકેટસ) માં લખવામાં આવે છે.

અમુક HTML Tags જોડીમાં નીચે પ્રમાણે વપરાય છે.


<Body> Webpage </Body>

અમુક HTML Tags એકલા વપરાય છે. જેમકે
 tag જે line ને break કરવા માટે વપરાય છે.

HTML Tags નો ઉપયોગ અને તે કેવી રીતે લખવામાં આવે છે તે જાણીશું.

<HTML> Tag :

સામાન્ય document અને HTML document (webpage) વચ્ચે એટલો તફાવત છે કે HTML document બનાવતી વખતે HTML document ના Starting માં <HTML> તેમજ End માં </HTML> command લખવામાં આવે છે.



```
Syntax...

<HTML>
---------
---------
</HTML>
```


<HTML> ------- </HTML> ની વચ્ચે HTML Tags નો ઉપયોગ કરવામાં આવે છે.

HTML document માં <HTML> ------ </HTML> નો ઉપયોગ કરવાથી HTML document ના દેખાવમાં કંઈ જ ફરક પડતો નથી. પરંતુ HTML tag નો ઉપયોગ કરવાથી web browsers જેવા કે Internet Explorer કે Netscape-Navigator ને ખબર પડે છે કે તેમાં open કરવામાં આવેલું document કે file એ HTML document છે.

<HEAD> Tag :

HEAD tag પણ HTML tag ની જેમ HTML document ને દર્શાવવામાં કોઈ અસર કરતું નથી. HEAD tag માં બીજો tag વપરાય છે, તેથી તેને container tag કહેવામાં આવે છે.

Head tag ની Syntax નીચે મુજબ છે.



```
Syntax...


<HTML>
<HEAD>
---------
---------
</HEAD>
</HTML>
```

<TITLE> Tag :

TITLE tag નો ઉપયોગ HTML webpage ને નામ આપવા માટે થાય છે. જેમકે

<TITLE> This is my webpage </TITLE>

HTML document માં નીચે પ્રમાણે TITLE tag નો ઉપયોગ કરવામાં આવે છે.



Syntax...

```
<HTML>
<HEAD>
        <TITLE>This is my webpage</TITLE>
</HEAD>
</HTML>
```

TITLE tag માં લખેલ વાક્ય Titlebar માં જોવા મળે છે.

<BODY> Tag :

Body tag ને પણ HTML tag અને HEAD tag ની જેમ container tag કહેવામાં આવે છે.

<BODY> ------ </BODY> ની અંદર બીજા HTML tags નો ઉપયોગ કરવામાં આવે છે.

<BODY> ------ </BODY> ની અંદર એવા વાક્યો લખી શકાય છે જે webpage માં display કરાવવા હોય, આ ઉપરાંત images પણ display થઈ શકે છે, તેમજ text ને format કરી શકે તેવા tags નો પણ ઉપયોગ કરી શકાય છે.

<BODY> ------ </BODY> ના કેટલાક attributes હોય છે જેવા કે Background, BGcolor, Text તેમજ Link વગેરે.

Background :

જો webpage ના background માં કોઈ image display કરાવવી હોય તો Background attribute નો ઉપયોગ કરવામાં આવે છે. આ માટે Background attribute માં કોઈપણ image નો path આપવામાં આવે છે. ઉ.દા. તરીકે Lion.gif નામની image file 'd:\' drive માં ના picture folder માં હોય તો નીચે મુજબ background attribute માં image નો path assign કરવામાં આવે છે.

Syntax...

```
<BODY BACKGROUND = "d:\Picture\Lion.gif">
--------------------------------------
--------------------------------------
</BODY>
```

BGCOLOR :

જો webpage ના background નો color બદલવો હોય તો BGCOLOR attribute નો ઉપયોગ કરવામાં આવે છે. આ માટે BGCOLOR ને તમને ગમતા color નો code કે color નું નામ assign કરવામાં આવે છે.

Syntax...

```
<Body BGColor = #rrggbb>
--------------------------------------
--------------------------------------
</BODY>
```


જ્યાં # rrggbb એ color ની ચોક્કસ value છે.

Syntax...

```
<BODY BGCOLOR = "BLUE">
--------------------------------------
--------------------------------------
</BODY>
```

જ્યાં BLUE એ color નું નામ છે.

અહીં નીચે કેટલાક color નાં નામ અને તેના Code આપેલા છે.

કોઈપણ color set કરવા માટે Red, Green અને Blue આ દરેકને બે બે hexadecimal number આપવામાં આવે છે. જેમકે '80' dipped માટે અને 'FF' Full beam માટે તેમજ '00' off માટે વપરાય છે.

RGB CODE	COLOR NAME	RGB CODE	COLOR NAME
#F0F8FF	ANTIQUEWHITE	#FF1493	DEEPSKYBLUE
#FAEBD7	AQUA	#00BFFF	DIMGRAY
#00FFFF	AQUAMARINE	#696969	DODGERBLUE
#7FFFD4	AZURE	#1E90FF	FIREBRICK
#F0FFFF	BEIGE	#B22222	FLORALWHITE
#F5F5DC	BISQUE	#FFFAF0	FORESTGREEN
#FFE4C4	BLACK	#228B22	FUCHIA
#000000	BLANCHEDALMOND	#FF00FF	GAINSBORO
#FFEBCD	BLUE	#DCDCDC	GHOSTWHITE
#0000FF	BLUEVIOLET	#F8F8FF	GOLD
#8A2BE2	BROWN	#FFD700	GOLDENROD
#A52A2A	BURLYWOOD	#DAA520	GRAY
#DEB887	CADETBLUE	#808080	GREEN
#5F9EA0	CHARTREUSE	#008000	GREENYELLOW
#7FFF00	CHOCOLATE	#ADFF2F	HONEYDEW
#D2691E	CORAL	#F0FFF0	HOTPINK
#FF7F50	CORNFLOWER	#FF69B4	INDIANRED
#6495ED	CORNSILK	#CD5C5C	INDIGO
#FFF8DC	CRIMSON	#4B0082	IVORY
#DC143C	CYAN	#FFFFF0	KHAKI
#00FFFF	DARKBLUE	#F0E68C	LAVENDER
#00008B	DARKCYAN	#E6E6FA	LAVENDERBLUSH
#008B8B	DARKGOLDENROD	#FFF0F5	LAWNGREEN
#B8860B	DARKGRAY	#7CFC00	LEMONCHIFFON
#A9A9A9	DARKGREEN	#FFFACD	LIGHTBLUE
#006400	DARKKHAKI	#ADD8E6	LIGHTCORAL
#BDB76B	DARKMAGENTA	#F08080	LIGHTCYAN
#8B008B	DARKOLIVEGREEN	#E0FFFF	LIGHTGOLDENRODYELLOW
#556B2F	DARKORANGE	#FAFAD2	LIGHTGREEN
#FF8C00	DARKORCHID	#90EE90	LIGHTGREY
#9932CC	DARKRED	#D3D3D3	LIGHTPINK
#8B0000	DARKSALMON	#FFB6C1	LIGHTSALMON
#E9967A	DARKSEAGREEN	#FFA07A	LIGHTSEAGREEN
#8FBC8B	DARKSLATEBLUE	#20B2AA	LIGHTSKYBLUE
#483D8B	DARKSLATEGRAY	#87CEFA	LIGHTSLATEGRAY
#2F4F4F	DARKTURQUOISE	#778899	LIGHTSTEELBLUE
#00CED1	DARKVIOLET	#B0C4DE	LIGHTYELLOW
#9400D3	DEEPPINK	#FFFFE0	LIME

RGB CODE	COLOR NAME
#00FF00	LIMEGREEN
#32CD32	LINEN
#FAF0E6	MAGENTA
#FF00FF	MAROON
#800000	MEDIUMAQUAMARINE
#66CDAA	MEDIUMBLUE
#0000CD	MEDIUMORCHID
#BA55D3	MEDIUMPURPLE
#9370DB	MEDIUMSEAGREEN
#3CB371	MEDIUMSLATEBLUE
#7B68EE	EDIUMSPRINGGREEN
#00FA9A	MEDIUMTURQUOISE
#48D1CC	MEDIUMVIOLETRED
#C71585	MIDNIGHTBLUE
#191970	MINTCREAM
#F5FFFA	MISTYROSE
#FFE4E1	MOCCASIN
#FFE4B5	NAVAJOWHITE
#FFDEAD	NAVY
#000080	OLDLACE
#FDF5E6	OLIVE
#808000	OLIVEDRAB
#6B8E23	ORANGE
#FFA500	ORANGERED
#FF4500	ORCHID
#DA70D6	PALEGOLDENROD
#EEE8AA	PALEGREEN
#98FB98	PALETURQUOISE
#AFEEEE	PALEVIOLETRED
#DB7093	PAPAYAWHIP
#FFEFD5	PEACHPUFF
#FFDAB9	PERU

RGB CODE	COLOR NAME
#CD853F	PINK
#FFC0CB	PLUM
#DDA0DD	POWDERBLUE
#B0E0E6	PURPLE
#800080	RED
#FF0000	ROSYBROWN
#BC8F8F	ROYALBLUE
#4169E1	SADDLEBROWN
#8B4513	SALMON
#FA8072	SANDYBROWN
#F4A460	SEAGREEN
#2E8B57	SEASHELL
#FFF5EE	SIENNA
#A0522D	SILVER
#C0C0C0	SKYBLUE
#87CEEB	SLATEBLUE
#6A5ACD	SLATEGRAY
#708090	SNOW
#FFFAFA	SPRINGGREEN
#00FF7F	STEELBLUE
#4682B4	TAN
#D2B48C	TEAL
#008080	THISTLE
#D8BFD8	TOMATO
#FF6347	TURQUOISE
#40E0D0	VIOLET
#EE82EE	WHEAT
#F5DEB3	WHITE
#FFFFFF	WHITESMOKE
#F5F5F5	YELLOW
#FFFF00	YELLOWGREEN

ઉપર આપેલા color અને તેના code નો BGcolor = "Green" અથવા BGcolor = #008000 તરીકે ઉપયોગ કરી શકાય છે. તેમજ Body tag ના attributes જેવા કે TEXT = "Green" અને LINK = "aqua" માં color ના નામ અથવા code નો ઉપયોગ કરી શકાય છે. આ ઉપરાંત બીજા ઘણા tags જેવા કે Font tag અને Heading tag માં પણ color ના નામ અને code નો ઉપયોગ કરી શકાય છે. તેમજ મનપસંદ color ના નામનો webpage બનાવવા ઉપયોગ કરી શકાય છે.

- **TEXT :**

કોઈપણ webpage માં કંઈ લખાણ તો હોય છે જ જેનાથી કંઈક માહિતી મળે છે. જો તે લખાણનો color બદલવો હોય તો Text attribute ને BGcolor attribute ની જેમ color નું નામ કે value આપવામાં આવે છે.

Syntax...

```
<BODY BGCOLOR = "BLUE" TEXT = "Yellow">
--------------------------------------
</BODY>
```


- **LINK :**

Webpage માં hyperlink નો ઉપયોગ કરવામાં આવે છે. Hyperlink ની મદદથી એક webpage થી બીજા ઘણા webpage open કરી શકાય છે. હવે જો તે hyperlink નો color જે default વાદળી હોય તેને બદલવો હોય તો LINK attribute ને BGCOLOR ની જેમ color નું નામ કે code આપવો પડે છે.

Syntax...

```
<BODY BGCOLOR = "BLUE" TEXT = "YELLOW" LINK = "RED">
--------------------------------------------------
--------------------------------------------------
</BODY>
```

હવે HTML, HEAD, TITLE તેમજ BODY જેવા tags નો ઉપયોગ તથા BODY tag ના attributes નો ઉપયોગ સમજવા માટે નીચેના ઉદાહરણો જોઈશું.

Example :


સૌ પ્રથમ Notepad open કરી નીચે દર્શાવ્યા મુજબ code લખવો.

1 - Notepad


File Edit Format View Help

```
<html>
<head>
        <title> This is First Page </title>
</head>
<body background="D:\Shweta\pictures\img0088.jpg">
</body>
</html>
```



ત્યાર પછી તે code ને .htm કે .html extension થી જરૂરિયાત મુજબના drive માં કે તેમાં રહેલા folder માં નીચે પ્રમાણે Save As dialog box ની મદદથી save કરવું.




File ને save કર્યા પછી તેને Internet Explorer કે Netscape Navigator જેવા Web browser માં open કરવામાં આવે છે. અહીં Internet Explorer ની મદદથી આ file ને open કરીશું, જેની મદદથી તૈયાર થયેલું webpage જોઈ શકાય છે. આ માટે સૌ પ્રથમ Internet Explorer ના File menu ના open option પર click કરવું.



આમ કરવાથી Open dialog box જોવા મળે છે. જેમાં Browse option ની મદદથી જે path પર File save કરી હશે તે path select કરી OK button પર click કરવું.



આટલું કર્યા બાદ selected code મુજબનુ Webpage web browser માં જોવા મળશે.




તે જ રીતે હવે Example-2 જોઈશું. તે માટે નીચે મુજબ Notepad માં code type કરો.

2 - Notepad

File Edit Format View Help

```
<html>
<head>
        <title> THIS IS HOMEPAGE </title>
</head>
<body bgcolor="blue" text=white>
WELCOME TO THE WORLD OF THE WEBSITE.
</body>
</html>
```


તેને Save As option ની મદદથી જરૂરિયાત મુજબના folder માં save કરવું અને તેને Example-1 ની જેમ open option પર click કરીને પછી Browse option ની મદદથી webpage ની file open કરવી. આમ આટલું કરવાથી નીચે પ્રમાણે webpage web browser માં જોવા મળશે.



<HEADING> Tag :

Heading tag માં જુદા જુદા 6 level હોય છે. દરેક level ની મદદથી text ની size બદલી શકાય છે. Heading tag ની મદદથી અલગ-અલગ topic માટે અલગ-અલગ Heading આપી શકાય છે.

Heading tag ને નીચે મુજબ લખવામાં આવે છે.

```
<Hn> -------- </Hn>
```

જ્યાં n = 1, 2, 3, 4, 5, 6

Heading tag ને code માં નીચે મુજબ લખવામાં આવે છે.

Syntax...

```
<H1> Level1 </H1>
<H2> Level2 </H2>
<H3> Level3 </H3>
<H4> Level4 </H4>
<H5> Level5 </H5>
<H6> Level6 </H6>
```


<Hn> ----- </Hn> ની વચ્ચે કોઈપણ Text લખી શકાય છે.

Heading tag નો ઉપયોગ આગળ ઉદાહરણમાં દર્શાવેલ છે.

<ANCHOR> Tag :

Anchor tag નો ઉપયોગ hyperlink આપવા માટે થાય છે. Chapter-2 માંથી જાણવા મળ્યુ કે Hyperlink શું છે ? હવે ફરી એકવાર પુનરાવર્તન કરીએ તો Hyperlink એટલે HTML ની એવી વિશિષ્ટતા કે જેના દ્વારા એક webpage ની મદદથી બીજા ઘણા webpage open કરી શકાય છે.

ઉદાહરણ તરીકે તમે એક એવી website બનાવી રહ્યા છો જેમાં કઈ movie ક્યા theater માં ચાલે છે, આજનું અલગ અલગ રાશીઓનું ભવિષ્ય, શેરબજારના બંધ ભાવ, તેમજ રેલ્વેના time વગેરેની માહિતી આપે છે. આ માટે સૌ પ્રથમ webpage હોય છે જેના પર Movie, Horoscope, Stockmarket, Railway જેવા option રાખવામાં આવે છે અને બીજા ચાર webpage બનાવવામાં આવે છે. જે Movie, Horoscope, Sharemarket અને Railway ની માહિતી display કરે છે. પછી પ્રથમ webpage ના Movie option પર એવી hyperlink આપવામાં આવે કે Movie પર click કરતા movie ની information આપતું webpage open થાય એ જ રીતે Horoscope option પર એવી hyperlink આપવામાં આવે કે જેથી Horoscope ની information આપતું webpage open થાય.

આ રીતે website બનાવતી વખતે hyperlink રાખવાથી એક જ webpage ના options ની મદદથી તે webpage options અનુરૂપ webpage open કરી શકાય છે. હવે આ hyperlink કેવી રીતે આપી શકાય તે જોઈએ.

જ્યારે webpage માં hyperlink મૂકવી હોય કે જેથી બીજા webpage open થઈ શકે ત્યારે Anchor tag નો ઉપયોગ કરવામાં આવે છે.

Anchor tag નીચે મુજબ લખવામાં આવે છે.

```
<A> ----- </A>
```

Anchor tag માં HREF, NAME તેમજ METHODS જેવા attributes હોય છે, જે નીચે મુજબ લખી શકાય છે.

હવે ઉપરના attributes વિશે જાણકારી મેળવીશું.

Name :

Syntax...

```
<A NAME = I> INDIA </A>
```

HTML document માં કોઈ paragraph કે કોઈ text સાથે hyperlink કરવા માટે NAME attribute વપરાય છે. અહીં Name attribute નો ઉપયોગ કર્યો છે. તથા I ની hyperlink India સાથે કરવામાં આવી છે.

HREF :

Syntax...

```
<A HREF = "d:\Web\Page2.htm">
Movie
</A>
```


HTML document (web page) માં કોઈ એક option કે Text ની મદદથી બીજું કોઈ webpage open કરવું હોય તો HREF attribute નો ઉપયોગ થાય છે. અહીં HREF attribute નો ઉપયોગ કર્યો છે. Webpage માં movie option પર click કરતાં page2.htm (webpage) open થાય છે. આ પ્રમાણે link પર click કરવાથી નવું page open થાય તો તેને External link કહેવામાં આવે છે.

હવે નીચેના Example માં ANCHOR TAG ના NAME અને HREF attribute નો ઉપયોગ કરીશું. જેથી webpage માં સૌથી ઉપરનાં લખાણ પરથી નીચેના લખાણ પર જઈ શકાય છે. તેમજ નીચેના લખાણ પરથી ઉપરના લખાણ પર જઈ શકાય છે. આ પ્રમાણે અપાતી link ને internal link કહેવામાં આવે છે.

Program...

```
<HTML>
<HEAD>
        <TITLE>ANCHOR TAG</TITLE>
</HEAD>
<BODY BGCOLOR="AZURE">
<PRE>
<FONT COLOR="BLACK">
<CENTER>
<A NAME="TOP">TOP OF DOCUMENT</A>
<A HREF="#DOWN">DOWN OF DOCUMENT</A>
</CENTER>
Everybody loathes it, but everybody does it. A recent- <BR>
poll showed that 40% of Americans, the world's most l-<BR>
avish tippers,hate the practice.It seems so arbitrary,<BR>
after all. Why does a barman gets a tip, but not a fast<BR>
food worker or a doctor who saves lives.In America alone<BR>
alone, tipping is now a $16 billion-a-year industry the<BR>
more suprising since it is a behavioural oddity. Consumers<BR>
acting rationally ought not to pay more than they have ti <BR>
a given service Tips which are voluntary, above and beyond a <BR>
service's contracted cost, and delivered afterwards, should<BR>
<CENTER>
<A HREF="#TOP">TOP OF DOCUMENT</A>
<A NAME="DOWN">DOWN OF DOCUMENT</A>
</CENTER>
</PRE>
</BODY>
</HTML>
```





METHODS :

METHODS attribute નો ઉપયોગ webpage ની કોઈ text કે word ની hyperlink કોઈ executable program સાથે કરવા માટે થાય છે.

Syntax...

```
<A METHODS = "C:\san\proj.exe">
Download This Software
</A>
```

અહીં METHODS attribute નો ઉપયોગ કર્યો છે. જેથી Program પર click કરવાથી proj.exe નામની executable file open થાય છે.

આ રીતે Anchor tag ના attributes નો ઉપયોગ થાય છે.

<COMMENT> Tag :

જો HTML document માં એવા વાક્યો લખવા હોય કે જેના લીધે HTML document ના દેખાવમાં તેના લીધે કંઈજ ફરક પડે નહિ, તો તે માટે comment tag નો ઉપયોગ થાય છે. તેનો ઉપયોગ નીચે મુજબ થાય છે.

Syntax...

```
<! - - This is Webpage - ->
```

આગળ HTML ના tag ના ઉપયોગો અને તેના Syntax વિશે માહિતી મેળવી, તેમજ Webpage કેવી રીતે બનાવી શકાય તે પણ જાણ્યું.

હવે આ chapter માંના બધા HTML tag નો ઉપયોગ વધારે સારી રીતે સમજી શકાય તે માટે નીચેનું ઉદાહરણ જોઈશું.

અહીં Example4.htm file ની મદદથી બનતા webpage ની hyperlink તે webpage માંના કોઈ option અથવા લખાણની મદદથી Example5.htm સાથે કરી શકાય. જેથી તે option પર click કરવાથી Example5.htm થી બનતું webpage open કરી શકાય. તે માટે નીચેનો code Notepad માં type કરી તેને Example4.htm ના નામથી save કરવું.

Program...


```
<HTML>
<HEAD>
        <TITLE>HYPERLINK</TITLE>
</HEAD>
<BODY bgcolor="black" text="yellow" link="white">
<H1> Website </H1>
<H2> Webpage </H2>
<H3> Hyperlink </H3>
<H4> Internet </H4>

<A HREF = "D:\RAVINDRA\HTML\EXAMPLE2.HTML">
CLICK HERE TO KNOW WHAT IS HYPERLINK
</A>

</BODY>
</HTML>
```



Output...



હવે "CLICK HERE TO KNOW WHAT IS HYPERLINK" ઉપર click કરતાં open થયેલ page માં નીચેનો code લખો.

Program...

```
<HTML>
<HEAD>
        <TITLE>HYPERLINK</TITLE>
</HEAD>
<BODY bgcolor="black" text="yellow" link="white">


Hyperlink is Used to open more than one Webpages from one main
Webpage.<BR><BR>

<A HREF = "#I"> I </A>
<A HREF = "D:\RAVINDRA\HTML\4.html">
<H3> CLICK HERE FOR GO TO RETURN </H3>
</A>

</BODY>
</HTML>
```



Output...



webpage માં "CLICK HERE FOR GO TO RETURN" option પર click કરવાથી આપેલ path મુજબ webpage open થાય છે. આમ, આ રીતે બે webpage વચ્ચે Hyperlink મૂકી શકાય છે.

Once you choose hope,
anything's possible

<HTML>

Chapter-3

Text Formatting Tags

Introduction :

Chapter-2 માંથી HTML tag, TITLE tag, BODY tag, ANCHOR tag, HEAD tag, Comment tag વિશે જાણકારી મળી છે. આ ઉપરાંત તેમનો ઉપયોગ જાણવા માટે કેટલાક examples નો ઉપયોગ કર્યો જેનાથી બે webpage વચ્ચે કેવી રીતે hyperlink કરી શકાય છે. એ પણ જાણવા મળ્યું.

હવે Chapter-3 માં webpage માં લખવામાં આવતા લખાણને વ્યવસ્થિત રીતે રજૂ કરી શકાય એટલે કે webpage માં વ્યવસ્થિત રીતે દેખાડી શકાય તે માટેના કેટલાક tags વિશે જાણકારી મેળવીશું. તેમજ કેટલાક ઉદાહરણ દ્વારા tags કે જે લખાણને format કરવા માટે વપરાય છે તેની સંપૂર્ણ માહિતી મેળવીશું.

હવે નીચે દર્શાવેલ tags ના ઉપયોગો અને Syntax જોઈશું.

Physical Formatting Tags :

Paragraph Break Tag :

જ્યારે webpage માં એક line લખ્યા પછી એક Line blank રાખીને તેના પછી બીજી line લખવાની જરૂર પડે એટલે કે નવો Paragraph બનાવવાની જરૂર પડે ત્યારે Paragraph Break tag નો ઉપયોગ થાય છે, જે નીચે દર્શાવવામાં આવ્યું છે.

Syntax...

India is a holy country <P>

India is a country of IT Professional

Line Break Tag :

જ્યારે webpage માં એક line અમુક લંબાઈ પછી અટકાવીને બીજી line માં લખવાની જરૂર પડે ત્યારે Linebreak tag નો ઉપયોગ થાય છે જે નીચે દર્શાવવામાં આવ્યું છે.

Syntax...

**HTML is a language which create
**

Webpages as per your choice.

અહીં
 નો ઉપયોગ
Line break tag તરીકે થાય છે.

<Center> Tag :

જ્યારે webpage માં લખાયેલા લખાણને webpage ના Center માં display કરવાની જરૂર પડે ત્યારે Center tag નો નીચે મુજબ ઉપયોગ થાય છે.

Syntax...

```
<CENTER> I LOVE INDIA </CENTER>
```

તે જ રીતે લખાણ ને Web browser ની ડાબી બાજુએ દર્શાવવા LEFT tag નો અને જમણી બાજુએ દર્શાવવા RIGHT tag નો ઉપયોગ થાય છે, જે નીચે દર્શાવવામાં આવ્યું છે.

Syntax...

```
<RIGHT> I LOVE INDIA </RIGHT>
<LEFT> I LOVE INDIA </LEFT>
```

<HR> Tag :


જ્યારે webpage માં આડી line display કરવી હોય ત્યારે <HR> tag નો ઉપયોગ થાય છે. HR એટલે "Horizontal line or rule" એટલે કે "આડી લાઈન".

<HR> tag ના attributes ની મદદથી line ની size, height કે પછી line webpage માં કઈ જગ્યાએ રાખવી છે તે નક્કી કરી શકાય છે.

ધારો કે નીચે મુજબ line ને display કરવી હોય ત્યારે, line ની નીચે આપેલ <HR> tag નો ઉપયોગ કરી code લખવામાં આવે છે.

Homepage

```
<BODY>
<Center>
Homepage <BR>
</Center>
<HR>
</BODY>
```



CODE FOR LINE

હવે <HR> tag ના કેટલાક attributes વિષે જાણકારી મેળવીશું.

➪ Size :

Webpage માં display કરવામાં આવતી line ને વધારવા કે ઘટાડવા માટે size attribute નો ઉપયોગ થાય છે. Size attribute ને ઓછામાં ઓછી બે અને વધારેમાં વધારે આઠ value આપવામાં આવે છે. જ્યારે size attribute ને 2 value આપીએ ત્યારે line 2 pixels ની બને છે.

Size attribute નો નીચે પ્રમાણે ઉપયોગ કરી શકાય છે.

Syntax...

```
<HR SIZE = 2>
```

➪ Width :

જ્યારે webpage માંની line ની પહોળાઈ નક્કી કરવી હોય ત્યારે Width નો ઉપયોગ થાય છે.

Syntax...

```
<HR SIZE = 2 WIDTH = 100>
```

➪ Align :

જ્યારે webpage માં line કઈ જગ્યાએ એટલે કે left side, right side કે center માં display કરાવવી હોય ત્યારે Align નો ઉપયોગ થાય છે. Align નો ઉપયોગ કરતાં પહેલાં line ની Width નક્કી કરવી જરૂરી છે.

Syntax...

```
<HR SIZE = 2 WIDTH = 100>
```

હવે <HR> tag નો ઉપયોગ સમજવા માટે નીચેનું Example જોઈશું.


Program...

```
<HTML>
<HEAD>
        <TITLE>HORIZONTAL LINE</TITLE>
</HEAD>
<BODY bgcolor = "orange">

<CENTER>
        See the Line of Size=1 Width=50 <BR>
                <b><hr size=1 width=50 color="black"></b>
        See the Line of Size=2 Width=300 <BR>
                <b><hr size=2 width=300  color="black"></b>
        See the Line of Size=6 Width=600 <BR>
                <b><hr size=6 width=600 color="black"></b>
</CENTER>

</BODY>
</HTML>
```


Output...



<Basefont> Tag :

Webpage માં લખવામાં આવતાં લખાણની size પહેલાથી જ નક્કી કરવી હોય તો BASEFONT tag નો ઉપયોગ થાય છે. વળી આ લખાણની size ગમે ત્યારે બદલી શકાય છે.

Syntax...

```
<BASEFONT SIZE = 3>
```

અહીં size ની યોગ્ય value આપી શકાય જેવી કે 1, 2, 3, 4, 5, 6 વગેરે.

<PRE> Tag :

જ્યારે webpage માં પહેલાથી નક્કી કરેલ Format માં લખાણ લખવું હોય ત્યારે <PRE> tag નો ઉપયોગ થાય છે. ધારો કે નીચે મુજબ પહેલાંથી નક્કી કરેલ format માં લખવું છે.

Syntax...

```
INDIA          PAKISTAN

                                      SRI LANKA

               ENGLAND       ZIMBABWE

AUSTRALIA

All above countries has a team for cricket.
```

ઉપર મુજબના webpage માં જ્યારે નક્કી કરેલ format માં change કર્યા વગર લખવું હોય ત્યારે <PRE> tag નો ઉપયોગ થાય છે. જો <PRE> tag નો ઉપયોગ ના કરીએ તો નક્કી કરેલ લખાણમાંના words વચ્ચેની વધારાની space webpage માં દેખાતી નથી અને લખાણ એક સાથે display થાય છે. જેમ કે ઉપરના ઉદાહરણ માં આપેલુ લખાણ નીચે મુજબ display થાય છે.

INDIA PAKISTAN SRI LANKA ENGLAND ZIMBABWE AUSTRALIA All above countries has team for cricket.


હવે <PRE> tag નો ઉપયોગ કરીને બનાવેલું નીચેનું Example જોઈશું.

Program...

```
<HTML>
<BODY bgcolor = "yellow">
<PRE>
<FONT color = "blue">
<B>WANTED MORE CLIENT
<HR>
</FONT>
HURRY UP !!<BR>
<b> THIS IS PRE TAG.IT IS USED <BR>
        WHEN YOU WANT TO DISPLAY PREFORMATTED TEXT <BR>
        IN DOCUMENT. FOR EXAMPLE YOU WANT TO DISPLAY <BR>
        FOLLOWING TEXT IN WEBPAGE.<BR></b>
INDIA           AUSTRALIA
                                        SRILANKA
                PAKISTAN        ENGLAND
DUBAI

</PRE>
</BODY>
</HTML>
```


Output...



<Address> Tag :

જ્યારે webpage માં Address લખવાની જરૂર પડે ત્યારે Address tag નો ઉપયોગ થાય છે જે નીચે મુજબ લખી શકાય છે.

Syntax...

```
<ADDRESS>
7, Swapnasil Complex <BR>
Navarangpura, Ahmedabad
</ADDRESS>
```

<DIV> Tag :

Webpage માં જુદી જુદી matter ને જુદા જુદા વિભાગમાં લખવા માટે DIV tag નો ઉપયોગ થાય છે. તેમાં Align attribute હોય છે. તેને left, Right અને Center જેવી value આપી શકાય છે. DIV tag નીચે મુજબ લખી શકાય છે.

Syntax...

(i)
```
<DIV Align = "left">
Left Section
</DIV>
```

(ii)
```
<DIV Align = "Right">
Right Section
</DIV>
```

(iii)
```
<DIV>
<P ALIGN = "CENTER">
Paragraph
</DIV>
```

Font Tag :

Webpage માં લખાયેલા લખાણની size કે color બદલવાની જરૂર પડે ત્યારે Font tag નો ઉપયોગ થાય છે. <FONT> ---- </FONT> એ Container tag છે. તેમાં બીજા કેટલાક tags નો ઉપયોગ થાય છે.

FONT tag માં Size અને Color જેવા attribute હોય છે, જેનો ઉપયોગ આગળ Example માં કરેલ છે.

હવે નીચે દર્શાવેલ Font tag ના attributes વિશે માહિતી મેળવીશું.

Size : આ attribute નો ઉપયોગ લખાણની size વધારવા માટે થાય છે.

Color : આ attribute નો ઉપયોગ લખાણનો color બદલવા માટે થાય છે.

Face : જ્યારે webpage માં લખવામાં આવેલા લખાણને અલગ-અલગ font માં લખવું હોય તો Face નો ઉપયોગ થાય છે.

અહીં કેટલાક font ના નામ આપવામાં આવેલા છે.

Name of Fonts :

Arial
Arial Black
Arial Narrow
Book Antiqua
Bookman Old Style
Century Gothic
Garamond
Impact
Tahoma
Verdana
Wide Latin

આપેલા જુદા જુદા font ના નામનો ઉપયોગ Font tag ના Face attribute માં નીચે મુજબ કરી શકાય છે.

આ ઉપરાંત જો ગુજરાતી, હિન્દી કે બીજી અન્ય કોઈપણ ભાષાના font હોય તો તે font નો પણ અહીં ઉપયોગ કરી શકાય છે.

Syntax...

```
<Font face = "Courier New" Size = 5 COLOR = "BLUE">
-------------------------------------------
-------------------------------------------
</Font>
```

<Strike> Tag :

Webpage માં લખાયેલા લખાણની વચ્ચે line કરવા માટે STRIKE tag નો નીચે પ્રમાણે ઉપયોગ થાય છે.

Syntax...

```
<STRIKE> STRIKE </STRIKE>
```

<Super Script> Tag :

Webpage માં લખાયેલા લખાણને આપેલ ઉદાહરણ મુજબ લખવાની જરૂર પડે તો Superscript tag નો ઉપયોગ થાય છે. (દા.ત. Computer World®)

Syntax...

```
Computer World <SUP> ® </SUP>
```

<Sub Script> Tag :

Webpage માં લખાયેલા લખાણને આપેલ ઉદાહરણ મુજબ લખવા માટે Subscript tag નો ઉપયોગ થાય છે. (દા.ત. X_1)

Syntax...

```
X <SUB> 1 </SUB>
```

હવે ઉપરના tags ની સંપૂર્ણ જાણકારી માટે નીચેનું ઉદાહરણ જોઈશું.

Program...

```
<HTML>
<HEAD>
        <TITLE>TEXT FORMATTING TAGS </TITLE>
</HEAD>

<BODY bgcolor = "yellow" text = "black">
<BASEFONT SIZE = 3>
<b>
<!-- See the Use of Page Break element-- >
        India is a HOLY country. <p>
```

```
          India is country of IT Professional. <BR>

<!-- See the Use of Line Break element-- >
          HTML is a language which create <BR>
          Webpages as per your choice. <BR>

<!-- To See the Use of Center element-- >
          <CENTER> I LOVE INDIA </CENTER> <BR>

<!-- To See the Use of LEFT element-- >
          <LEFT> I LOVE INDIA </LEFT> <BR>
</b>
<BASEFONT SIZE = 4>

let's see the effect of basefont in line <br>

<FONT size = 4 color = "red">
By FONT element we can change size <BR>
and color of text. <BR>

<!-- See the Use of Blink tag-- >
          <BLINK> INDIA </BLINK> <BR>

<!-- See the Use of Strike tag-- >
          ** <STRIKE> HOME </STRIKE> <BR>

<!-- See the Use of Superscript tag-- >
          ** Computer World <SUP> ® </SUP> <BR>


<!-- See the Use of Subscript tag-- >
          ** Computer World <SUB> TM </SUB> <BR>

<!-- See the Use of Big element-- >
          <BIG> BIG Font than Remaining Text </BIG> <BR>

<!-- See the Use of Superscript tag-- >
          <SMALL> SMALL FONT </SMALL>
</FONT>
</BODY>
</HTML>
```



Output...



Logical Formatting Tags :

<Citation> Tag :

જ્યારે webpage માં લખાયેલા લખાણના font ની style થી જુદી રીતે લખાણ લખવાની જરૂર પડે ત્યારે Citation tag નો ઉપયોગ થાય છે.

Citation tag નો ઉપયોગ નીચે પ્રમાણે થાય છે.

Syntax...

```
Peacock is our <CITE> National Bird </CITE>
```

<Keyboard> Tag :

જ્યારે webpage માં Keyboard ની મદદથી લખતા character ની style મુજબ લખાણ લખવાની જરૂર પડે ત્યારે Keyboard tag નો ઉપયોગ થાય છે.

Syntax...

```
<KBD> This is Keyboard tag </KBD>
```

<Strong> Tag :

જ્યારે webpage માં ઘાટા અક્ષરમાં લખાણ લખવું હોય ત્યારે Strong tag નો ઉપયોગ થાય છે.

Syntax...

```
<Strong> This is Strong Character </Strong>
```

<Variable> Tag :

જ્યારે webpage માં Variable type ના text થી લખાણ લખવું હોય ત્યારે Variable tag નો ઉપયોગ થાય છે. Variable tag ને <var> tag દ્વારા પણ દર્શાવી શકાય છે.

Syntax...

```
<variable> This is variable Character </variable>
```

ઉપરના tags બરાબર સમજવા માટે નીચેનું ઉદાહરણ જોઈશું.

Program...

```
<HTML>
<HEAD>
        <TITLE> LOGICAL FORMATTING TAG </TITLE>
</HEAD>
<BODY bgcolor = "lightblue" text = "black">

NORMAL TEXT <BR>

<!-- For to check output of Citation tag -- >
        <CITE> Citation Tag </CITE> <BR>
<!-- For to check output of Keyboard tag -- >
        <KBD> Keyboard Tag </KBD> <BR>
<!-- For to check output of Strong tag -- >
        <STRONG> Strong Tag </STRONG> <BR>
<!-- For to check output of Variable tag -- >
        <VAR> Variable Tag </VAR>

</BODY>
</HTML>
```



Output...



<Big> Tag :

કોઈ લખાણને webpage માં લખવામાં આવેલા લખાણ કરતાં size માં મોટું લખવું હોય તો BIG tag નો ઉપયોગ થાય છે.

Syntax...

```
<BIG> Big Text </BIG>
```

<Small> Tag :

કોઈ લખાણને webpage માં લખવામાં આવેલા લખાણ કરતાં size માં નાનું લખવું હોય તો Small tag નો ઉપયોગ થાય છે.

Syntax...

```
<SMALL> Small Text </SMALL>
```

<Bold> Tag :

જો કોઈ લખાણને webpage માં લખવામાં આવતા લખાણ કરતાં ઘાટું કરવું હોય તો BOLD tag નો ઉપયોગ થાય છે.

Syntax...

```
<B> BOLD text </B>
```

<Italic> Tag :

જો કોઈ લખાણને ત્રાંસુ (Italic) લખવું હોય તો તે માટે Italic tag નો ઉપયોગ થાય છે.

Syntax...

<I> ITALIC text </I>

<Underline> Tag :

જો કોઈ લખાણની નીચે line display કરવી હોય તો આ tag નો ઉપયોગ થાય છે.

Syntax...

<U> UNDERLINE text </U>

<Marquee> Tag :

જ્યારે webpage માં લખાયેલા કોઈપણ લખાણને scrolling કરાવવું હોય તો આ tag નો ઉપયોગ થાય છે. Marquee tag ની મદદથી webpage માં લખાયેલા કોઈપણ લખાણને અલગ અલગ રીતે scrolling કરાવી શકાય છે.

Marquee tag ના attributes નીચે મુજબ છે. જેમાં Direction, Behavior, Scroll amount, Scroll delay, Loop, BGColor, Height, Width, Align નો સમાવેશ થાય છે.

⇨ Direction :

આ attribute ની મદદથી webpage માં લખવામાં આવતાં કોઈપણ લખાણનું કઈ દિશામાંથી scrolling કરાવવું છે તે નક્કી કરી શકાય છે. તેની 4 values હોય છે :

RIGHT : Webpage માં લખાયેલા કોઈપણ લખાણને ડાબી બાજુથી જમણી બાજુ તરફ scrolling કરાવવા માટે RIGHT value નો ઉપયોગ થાય છે.

<MARQUEE DIRECTION = "RIGHT"> RIGHT SCROLLING </MARQUEE>

LEFT : Webpage માં લખાયેલા કોઈપણ લખાણને જમણી બાજુથી ડાબી બાજુ તરફ scrolling કરાવવા માટે LEFT value નો ઉપયોગ થાય છે.

<MARQUEE DIRECTION = "LEFT"> LEFT SCROLLING </MARQUEE>

UP : Webpage માં લખાયેલા કોઈપણ લખાણને નીચેની બાજુથી ઉપરની બાજુ તરફ scrolling કરાવવા માટે UP value નો ઉપયોગ થાય છે.

<MARQUEE DIRECTION = "UP"> UP SCROLLING </MARQUEE>

DOWN : Webpage માં લખાયેલા કોઈપણ લખાણને ઉપરની બાજુથી નીચેની બાજુ તરફ scrolling કરાવવા માટે DOWN value નો ઉપયોગ થાય છે.

```
<MARQUEE DIRECTION = "DOWN"> DOWN SCROLLING</MARQUEE>
```

➪ Behavior :

Webpage ના text ની scrolling ત્રણ રીતે થાય છે.

SCROLL : એક બાજુથી બીજી બાજુ તરફ webpage માંના લખાણને Scrolling કરાવવું હોય તો Scroll નો ઉપયોગ થાય છે.

```
<MARQUEE DIRECTION="LEFT" BEHAVIOR="SCROLL">
MARQUEE LEFT SCROLLING
</MARQUEE>
```

ALTERNATE : Webpage માંના લખાણને એક બાજુએથી બીજી બાજુ Scrolling કરાવવા માટે Alternate નો ઉપયોગ થાય છે.

```
<MARQUEE DIRECTION="RIGHT" BEHAVIOR="ALTERNATE">
MARQUEE RIGHT ALTERNATE
</MARQUEE>
```


SLIDE : Webpage માંના લખાણને એક side થી બીજી side તરફ scrolling કરાવવું હોય તો Slide નો ઉપયોગ થાય છે, અને આ scrolling એક side તરફ જઈને અટકી જાય છે.

```
<MARQUEE DIRECTION="RIGHT" BEHAVIOR="SLIDE">
MARQUEE SLIDE
</MARQUEE>
```

➪ Scrollamount :

Webpage માંના લખાણની scrolling ની ઝડપ વધારવા કે ઘટાડવા માટે Scrollamount નો ઉપયોગ થાય છે.

➪ Scrolldelay :

Webpage માંના લખાણની scrolling ની ઝડપ Scrolldelay ની મદદથી પણ set કરી શકાય છે.

```
<MARQUEE DIRECTION="RIGHT" SCROLLAMOUNT = 30
SCROLLDELAY = 15 BEHAVIOR ="SLIDE">
MARQUEE SLIDE
</MARQUEE>
```

➪ Loop :

Webpage માંના લખાણનું scrolling સતત ચાલુ રાખવા માટે Loop attribute નો ઉપયોગ થાય છે. તેમજ scrolling કેટલીવાર કરાવવું છે તે પણ નક્કી કરી શકાય છે.

```
<MARQUEE DIRECTION="RIGHT" SCROLLAMOUNT = 30 SCROLLDELAY = 15
LOOP = 5
BEHAVIOR ="SLIDE">
MARQUEE SLIDE
</MARQUEE>
```

➪ BGCOLOR :

Webpage માંના scrolling નાં લખાણનો background color set કરવા માટે BGCOLOR નો ઉપયોગ થાય છે.

```
<MARQUEE BGCOLOR = "BLUE" DIRECTION="RIGHT" SCROLLAMOUNT = 30
SCROLLDELAY = 15
BEHAVIOR ="SLIDE">
MARQUEE SLIDE
</MARQUEE>
```


➪ Height :

Marquee માં લખાણ ની height વધારવા કે ઘટાડવા માટે HEIGHT attribute નો ઉપયોગ થાય છે.

➪ Width :

Marquee માં લખાણ ની width વધારવા કે ઘટાડવા માટે width attribute નો ઉપયોગ થાય છે.

➪ Align :

Marquee માં લખાણ ક્યાં રાખવું છે તે નક્કી કરવા માટે ALIGN નો ઉપયોગ થાય છે. તે ત્રણ value લે છે.

(i) TOP : Marquee માં text ને સૌથી ઉપર રાખવા માટે TOP નો ઉપયોગ થાય છે.

(ii) MIDDLE : Marquee માં text ને વચ્ચે રાખવા માટે MIDDLE નો ઉપયોગ થાય છે.

(iii) BOTTOM : Marquee માં text ને સૌથી નીચે રાખવા માટે BOTTOM નો ઉપયોગ થાય છે.

Program...

```
<HTML>
<HEAD>
        <TITLE> USE OF MARQUEE </TITLE>
</HEAD>
<BODY BGCOLOR= "SEAGREEN" TEXT = "ORANGE" >
<CENTER> SEE THE MAGIC OF MARQUEE </CENTER>

<MARQUEE DIRECTION = "LEFT" LOOP = 2>MARQUEE LEFT
</MARQUEE>

<MARQUEE DIRECTION = "RIGHT" BEHAVIOR = "SLIDE" SCROLLAMOUNT=20>
MARQUEE RIGHT
</MARQUEE>

<MARQUEE DIRECTION="LEFT"BEHAVIOR="ALTERNATE" SCROLLDELAY=50>
MARQUEE LEFT - 1
</MARQUEE>

<MARQUEE BGCOLOR = "LIGHTLIME" HEIGHT = 25 ALIGN = "MIDDLE"
DIRECTION = "RIGHT" BEHAVIOR = "SCROLLING">
MARQUEE RIGHT - 1
</MARQUEE>

<MARQUEE  DIRECTION = "UP" BEHAVIOR = "ALTERNATE" HEIGHT = 200 >
MARQUEE UP
</MARQUEE>

<MARQUEE  DIRECTION = "DOWN" BEHAVIOR = "SCROLL" HEIGHT = 200 >
MARQUEE DOWN
</MARQUEE>
```



```
</BODY>
</HTML>
```

Output...



Listing Tag :

Definition List Tag :

કોઈ definition લખવા માટે આ tag નો ઉપયોગ થાય છે. નીચે પ્રમાણે લખાણ લખવા માટે Definition List tag નો ઉપયોગ થાય છે.

Syntax...

```
<DL>
<DT> HTML
    <DD> HTML is a Hypertext markup
    <DD> Language which is used to
    <DD> Create Webpages.
</DL>
```

અહીં ત્રણ tag વપરાય છે.

DL : Definition List

DT : Definition Term

DD : Definition Description

Ordered List Tag :

તેને <OL>-----</OL> એમ લખી શકાય. ઘણીવાર webpage માં નીચે મુજબ લખવાની જરૂર પડે છે ત્યારે Ordered list tag નો ઉપયોગ થાય છે.

Ex.-1 :	***Ex.-2 :***	***Ex.-3 :***
Topic	Topic	Topic
A option1	i option1	1 option1
B option2	ii option2	2 option2
C option3	iii option3	3 option3

Ordered list tag માં type નામનો એક attribute હોય છે. જેની નીચે પ્રમાણે જુદી જુદી value હોય છે.

type = A   for A - Z

type = a   for a - z

type = i   for i, ii, iii, iv ------

type = 1   for 1, 2, 3, 4 ------

type = I   for I, II, III, IV ------

ધારો કે ઉપરના Ex.-1 ની જેમ લખવું હોય તો નીચે મુજબ code લખી શકાય છે.

```
<OL type = A>
    <LI> Windows 95
    <LI> Windows 98
    <LI> Windows 2000
</OL>
```

ઉપરના code નું output નીચે મુજબ છે.

A Window 95

B Window 98

C Window 2000

ઉપરના Example માટે type attribute માં 'A' value ને બદલે ઉપર જણાવેલ type ની values માંથી કોઈપણ value આપી શકાય છે.

Directory List Tag :

જ્યારે webpage માં જુદા જુદા option ને list ની જેમ display કરવા હોય તો આ tag નો ઉપયોગ થાય છે.
જ્યારે નીચે પ્રમાણે લખાણ લખવાની જરૂર પડે ત્યારે definition list tag ની જરૂર પડે છે.

INDIA
PAKISTAN
SRILANKA

ઉપરોક્ત લખાણ લખવા માટે નીચે મુજબ code લખો.

Syntax...

```
<DIR>
    <LI> INDIA
    <LI> PAKISTAN
    <LI> SRILANKA
</DIR>
```

અહીં બે tag હોય છે.
<DIR> ---- </DIR> [directory tag]
<LT> [List tag]

Unordered List Tag :

Webpage માં Unordered List નો ઉપયોગ થાય છે. જેને <UL>----</UL> એમ લખવામાં આવે છે. તેમાં Ordered List ની જેમ type નામનો attribute હોય છે. જેની નીચે પ્રમાણે values છે.

● Bullet ☐ Square ○ Circle

Syntax...

```
<UL TYPE="CIRCLE">
    <LI> India
    <LI> U.S.A.
</UL>
```

અહીં Circle નું output નીચે પ્રમાણે દર્શાવ્યું છે.

○ India
○ U.S.A.

આટલા tags વિશે જાણકારી મેળવ્યા બાદ હવે Chapter-3 માં સમજાવામાં આવેલા બધા tags વિશે સંપૂર્ણ જાણકારી માટે બે ઉદાહરણ જોઈશું.


Program...

```
<HTML>
<HEAD>
        <TITLE> REAL EXAMPLE </TITLE>
</HEAD>
<BODY BGCOLOR = "Pink">

<FONT SIZE = 3 COLOR = "BLUE">
<H3> CD -ROMS </H3>
        <LI> Broderbund :
        <STRONG> Carmen Advantage Library </STRONG>
        <BR>
                      
                Rs. 1550. Innoserv Systems, New Delhi, 6855341.
        <BR>
                      
                Enter <CITE> <STRONG> RN000401 </STRONG> </CITE>
                on the <BR>
                      buying form
        <BR>
        <BR>
                <FONT SIZE = 3 COLOR = "RED">
                on the Megadisk</FONT>
        <DIR>
                <LI> Flipflop
                <LI> Student Diary
                <LI> Basic Electronics Concept Review
                <LI> Writing Style Demos
```

```
<DIR> <BR>
<DL>
<FONT COLOR = "black">
<DT> HTM
<FONT>
        <DD> HTML is a internet programming language.
</DL>
<DL>
<DT> VARIABLE
        <DD> <VAR> VARIABLE is used to store some value. </VAR>
</DL>
<DL>
<DT> KEYBOARD
        <DD> <KBD> KEYBOARD is a input device. </KBD>
</DL>
</BODY>
</HTML>
```


Output...



હવે BOLD tag, ITALIC tag, STRONG tag, MARQUEE tag અને ORDER tag નો ઉપયોગ સમજવા માટે નીચેનું ઉદાહરણ જોઈશું.


Program...

```
<HTML>
<HEAD>
	<TITLE> ORDERED LIST </TITLE>
</HEAD>
<BODY BGCOLOR = "green" TEXT = "GOLD" LINK = "BLUE"
VLINK = "PURPLE" ALINK = "RED">

<MARQUEE> ORDERED LIST </MARQUEE>
<BR>
<BR>
	BCA FIRSTYEAR
	<OL TYPE = "I">
		<LI> Communicative English
		<LI> Programming in C Language
		<LI> Advanced Mathematics
	</OL>
<BR>
	BCA SECONDYEAR
	<OL TYPE = "i">
		<LI> Operating Systems
		<LI> Object Oriented Ptogramming
		<LI> Scientific And Statistical Computing
	</OL>
<BR>
	BCA THIRDYEAR
	<OL TYPE = "a" start = 4>
		<LI> Data Communication And Networking
		<LI> Java
		<LI> System Analysis And Design
	</OL>
<BR>
	OTHER COMPUTER COURSES
	<OL TYPE = "1" start = 5>
		<LI> MS Ofiice
		<LI> Tally
		<LI> DTP
	</OL>
</BODY>
</HTML>
```



Output...



હવે HTML ના tags નો ઉપયોગ કરીને Webpage બનાવવા એક વધુ example જોઈશું.

Program...

```
<HTML>
<HEAD>
    <Title>STORY</Title>
</HEAD>
<BODY background="D:\RAVINDRA\HTML\Wallpapers\pictures\IMG0078.jpg">
<CENTER>
    <FONT Face="Brush Script MT" Size=7 Color="BLACK">
        <I>STORY OF WORLDS</I><HR>
    </FONT>
    <FONT Color="PURPLE">
        <H3>STORY 1 : A Brave Deed</H3>
    <B>
        It was a fine spring afternoon. The school got over. I started for home on my
        cycle I was filled with pleasure at the natural scenery all around. I reached a
        small pond,Two kids were splashing there in the water. I felt happy to see
        them enjoying so. All
```

```
        </B>
        <EM>
            of a sudden one slipped and began to drawn. He screamed for help. I lost no
            time. I threw down my cycle and bag and without furthrt delay, jumped into
            the pond. Thank God, I knew swimming.I pulled the boy safely to the shore. A
            big crowd gathered. They all
        </EM>
        <STRIKE>
            appraised my bravery. The boy's parents thanked me heartily but I went
            home satished that I have done my duty
        </STRIKE>
        <HR>
    <H3>STORY 1: A Brave Deed</H3>
        <I>
            It was a fine spring afternoon. The school got over. I started for home on my
            cycle I was filled with pleasure at the natural scenery all around. I reached a
            small pond, Two kids were splashing there in the water. I felt happy to see
            them enjoying so. All
        </I>
        <KBD>
            of a sudden one slipped and began to drawn. He screamed for help. I lost no
            time. I threw down my cycle and bag and without furthrt delay, jumped into
            the pond. Thank God,
        </KBD>
        <CODE>
            I knew swimming.I pulled the boy safely to the shore. A big crowd gathered.
            They all appraised my breavery. The boy's parents thanked me heartily but I
            went home satished that I have done my duty
        </CODE>
        <HR>
    <H3>STORY 1: A Brave Deed</H3>
        <U>
            It was a fine spring afternoon. The school got over. I started for home on my
            cycle I was filled with pleasure at the natural scenery all around. I reached a
            small pond, Two kids were splashing there in the water. I felt happy to see
            them enjoying so. All
```

```
</U>
<VAR>
    of a sudden one slipped and began to drawn. He screamed for help. I lost no
    time. I threw down my cycle and bag and without furthrt delay, jumped into
    the pond. Thank God,
</VAR>
<STRONG>
    I knew swimming.I pulled the boy safely to the shore. A big crowd gathered.
    They all appraised my breavery.
</STRONG>
<SAMPLE>
    The boy's parents thanked me heartily but I went home satished that I have
    done my duty
</SAMPLE>
</FONT>
</BODY>
</HTML>
```



Output...



<HTML>

Chapter-4
Image

Introduction :

Image એટલે વ્યક્તિ, પર્વત, નદી, પાણી કે દુનિયાની કોઈપણ વસ્તુનું ચિત્ર.

કોઈપણ Topic કે Matter સમજાવવાની હોય ત્યારે તેને લખાણ કરતાં ચિત્રથી વધુ સારી રીતે સમજાવી શકાય છે. Website બનાવવામાં Image નો મહ્દ્દઅંશે ઉપયોગ થાય છે. વળી image ના લીધે website ના webpages વધુ આકર્ષક અને સમજવા લાયક બને છે.

Types of Image Format :

સામાન્ય રીતે ત્રણ પ્રકારની format વાળી image હોય છે. જેમકે JPEG, BMP, GIF format.

આ બધી formats માંથી BMP format વાળી images નો ઉપયોગ website બનાવવા માટે ઘણો જ ઓછો થાય છે. કારણ કે BMP format વાળી image ની size GIF કે JPEG format વાળી image કરતાં ઘણી વધારે હોય છે અને જો JPEG અને GIF format ની સરખામણી કરીએ તો website બનાવતી વખતે GIF format વાળી image નો ઉપયોગ વધુ થાય છે. કારણ કે GIF format વાળી Image નો દેખાવ અને ગુણવત્તા એકદમ વાસ્તવિક ચિત્ર જેવો હોય છે.

હવે webpage માં image display કરવા માટેના tags અને તેના attributes વિશે જાણકારી મેળવીશું.

<Image> Tag :

Webpage માં image display કરવા માટે Image tag નો ઉપયોગ થાય છે તેને <IMG> એમ લખાય છે.

Image tag માં કેટલાક attribute હોય છે જેમકે SRC, HEIGHT, WIDTH, HSPACE અને VSPACE, ALT, BORDER વગેરે.

SRC Attribute :

SRC attribute માં જે file open કરવાની હોય તેનો path assign કરવામાં આવે છે.

ધારો કે C drive ના Web folder માંથી image.gif નામની image diplay કરાવવી હોય તો નીચે મુજબ path આપવામાં આવે છે.

Syntax...

```
<IMG SRC = "C:\Web\image.gif">
```

HEIGHT Attribute :

આ attribute નો ઉપયોગ કોઈપણ image ની height વધારવા કે ઘટાડવા માટે થાય છે. તેની number માં value assign કરવામાં આવે છે. જેમકે

Syntax...

```
<IMG SRC = "C:\Web\image.gif" HEIGHT = 400>
```

WIDTH Attribute :

Image ની width વધારવા કે ઘટાડવા માટે આ attribute નો ઉપયોગ થાય છે. આ attribute પણ value number માં લે છે.

HSPACE Attribute :

Image ની ઉપર નીચે કેટલી SPACE રાખવી છે તે માટે HSPACE attribute નો ઉપયોગ થાય છે. આ attribute પણ Value number માં લે છે.

VSPACE Attribute :

Image ની આજુબાજુ કેટલી જગ્યા રાખવી તે માટે VSPACE attribute નો ઉપયોગ થાય છે. આ attribute પણ value number માં લે છે.

હવે ઉપરના બધા જ attributes અને <IMG> નો ઉપયોગ સમજવા માટે નીચેનું ઉદાહરણ જોઈશું.

Program...

```
<HTML>
<HEAD>
        <TITLE>IMAGE</TITLE>
</HEAD>
<BODY BGCOLOR="PINK" TEXT="GREEN">


<CENTER>



<IMG SRC="D:\RAVINDRA\HTML Correction Images\lion.JPG" HEIGHT=300
WIDTH=400 VSPACE=50 HSPACE=50>
```

```
<STRONG>
<BR>
        This image shows national animal of india
</STRONG>
<BR>
<STRONG>
        There are many types of animals are lives in india. When we<br>
        talk about gujarat at that time only one place comes<br>
        in our mind is Junagadh, which is very popular for lions.
</STRONG>
</CENTER>

</BODY>
</HTML>
```



Output...



ALT Attribute :

જ્યારે <IMG> tag ની મદદથી કોઈ image webpage માં display કરીએ અને જો તે image exist ના હોય તો તેને બદલે બીજો કોઈ message display કરવા ALT tag નો ઉપયોગ થાય છે.

Program...

```
<HTML>
<HEAD>
        <TITLE> Working with Images </TITLE>
</HEAD>
<BODY bgcolor="azure">



<CENTER><I>Image</I><BR><BR>
<IMG SRC = "D:\RAVINDRA\HTML\Wallpapers\pictures\IMG0069.jpg"
WIDTH=300 HEIGHT=300>
<BR>
<BR>
<I> IMAGE2:BE.jpg</I><BR><BR>
<IMG SRC =
"D:\RAVINDRA\HTML\Wallpapers\pictures\IMG0032.jpg"><BR><BR>
<I>IMAGE3 :BE.jpg - USE OF ALT Attribute to set "beach"<I><BR><BR>
<IMG  SRC = "D:\RAVINDRA\HTML\Wallpapers\pictures\IMG0088.jpg"
ALT= "beach"><BR>
</CENTER>


</BODY>
```



```
</HTML>
```

Output...





BORDER Attribute :

Image ની આજુબાજુ BORDER રાખવા માટે BORDER tag નો ઉપયોગ થાય છે. BORDER ને size અને color પણ આપી શકાય છે.

Program...

```
<HTML>
<HEAD>
        <TITLE> BORDER ATTRIBUTE </TITLE>
</HEAD>
<BODY>

<B> Borders </B>

<CENTER>

<I>Image Without a BORDER </I><BR><BR>
```

```
<IMG bordercolor = "#ff00ff" SRC = "IMG0083.jpg" WIDTH=300
HEIGHT=300><BR><BR>

<I>Image With BORDER</I><BR><BR>

<IMG BORDER = 7  SRC = "IMG0091.jpg" WIDTH=300 HEIGHT=300><BR>

</CENTER>

</BODY>
</HTML>
```

Output...



હવે Image અને Hyperlink નું એક ઉદાહરણ જોઈશું. આ ઉદાહરણમાં display થતી image ની નીચેની text પર click કરતાં image તેની original size માં જોવા મળશે.

Example - 1

Program...

```
<html>
<head>
        <title>IMAGE AND HYPERLINKS</title>
</head>
<body>
<img border="0" src="birds.GIF"  width="200" height="200">

<img border="0" src="humming_bird.GIF"  width="200" height="200">

<PRE>
        <A HREF="IAH1.HTM">IMAGE1</A> <A HREF="IAH2.HTM">IMAGE2</A>
</PRE>

<img border="0" src="2birds.GIF"  width="200"  height="200">


અહીં 4 Chapter સુધી Text કઈ રીતે Web site ના Page માં લખાય તથા તેનું Formatting કઈ રીતે થાય તે જોયું. બીજુ Table Create કરતા જોયું. હવે Page માં Image મૂકવી છે તો કઈ રીતે મૂકવી તે જોઈએ. Image Net, CD કે પછી Digital Camera થી કમ્પ્યૂટરમાં લાવ્યા હશો. તે જ Image નો ઉપયોગ કરીશું. પરંતુ આ Image Root Folder માં હોવી જરૂરી છે. જો ના હોય તો તેને Root Folder માં Copy, Paste વડે લાવીશું.


Insert a Image...

Step-1

Insert menu પર click કરી Image option પર click કરો. એટલે Select Image Source નું dialog box આવશે.








Step-2

તેમાંથી જે image જોઈતી હોય તેને select કરી Ok પર click કરો. એટલે Image Tag Accessibility Attributes નું dialog box આવશે. તેમાં Image વિશે Short માં Description આપી Ok આપો.

Step-3

ત્યારબાદ Page પર Image આવી જશે પરંતુ Image તેની Original size માં આવશે.



Step-4

જો તેની size નાની-મોટી કરવી હોય તો Image ને select કરો એટલે Properties માં W અને H બે option display થશે. આ option image ની width અને height બતાવે છે. તેમાં change કરશો એટલે image ની width અને height change થશે.

Step-5

Image ને select કરતાં size handle પણ આવશે તેને Mouse ની મદદથી drag કરીને પણ Image ની size નાની મોટી કરી શકાય છે.



Insert Toolbar ના Common Button પર click કરતા તેનું Toolbar આવે છે તેમાં Image પર click કરતા પણ Image આવશે.

Properties of Image...



- **SRC :**

Image ને Select કરશો એટલે Properties માં SRC Option આવશે. તેમાં Image નો આખો Path આવશે. HTML નાં Coding માં Image નો આખો Path આવશે અને તે Path <src> tag માં લખેલ હશે.

- **Link :**

Properties માં src ની નીચે Link Option આવશે. હવે એવું જોઈતું હોય કે Image પર click કરીએ એટલે Site નું કોઈક Page open થાય અથવા બીજી કોઈ Image આવે ત્યારે આ option નો ઉપયોગ થાય છે.

- **Target :**

હવે Target ને Link તો આપી પણ જ્યારે Link આપેલ Document open થાય ત્યારે તે document નવા window માં જોઈએ છે કે તે જ Window માં એટલે blank આપો અને Preview જુઓ.

- **Low src :**

અહીં જે Path આપશો તે File Document download થાય તે પહેલા open થાય છે. અહીં વધારે પડતી Black & White Image રખાય છે. જેથી જ્યારે page download થાય ત્યારે પહેલા Black & White Image આવે જેથી Visitors ને Idea આવે કે કઈ Type ની Image અહીં આવશે.

- **Align :**

Image ને Alignment આપવા માટે Align option નો ઉપયોગ થાય છે. એટલે કે Image ની right, left વગેરે જે side જોઈએ તે select કરો.

- **Border :**

Image ને Border આપવી હોય તો તેના માટે આ option છે. Border ની size અહીં આપી છે. e.g. : 2. By default image ને border હોતી નથી.

- **vspace અને hspace :**

Image ને આપણી રીતે set કરવી હોય તો આ option નો ઉપયોગ થાય છે. એટલે કે vspace માં space ઉપર (top) અને નીચે (bottom) માં છોડશે અને hspace માં left અને right માં space છોડશે.

- **Edit :**

  Image માં Changes કરવા માટે આનો ઉપયોગ થાય છે.

- **Optimize :**

  Image માં કોઈ changes firework દ્વારા કરવા હોય તો તેના માટે આ option છે. Firework Image Editor Program છે કે જેનાથી Image ની size change કરવી હોય કે તેની file type change કરવી હોય તો તેના માટે છે. પરંતુ તેના માટે તમારા computer માં firework install કરેલું હોવું જોઈએ.

- **Crop :**

  આ option નો ઉપયોગ કરી Image ને cut કરી શકાય છે. એટલે કે Image માં જે ભાગ ન જોઈતો હોય તેને remove કરવા માટે crop નો ઉપયોગ થાય છે.

- **Resample :**

  Image ની જે size અને quality હતી તે ફરીથી લાવવા માટે આ option નો ઉપયોગ થાય છે.

- **Brightness and Contrast :**

  આ option નો ઉપયોગ કરી image ની Brightness and Contrast વધારી કે ઘટાડી શકાય છે.

- **Sharpen :**

  આ option નો ઉપયોગ કરી image ની Sharpness adjust કરી શકાય છે.

- **Photoshop :**

  આ option પર click કરતાં Photoshop open થશે એટલે કે હવે Image માં જે પણ changes કરવા હોય તે બધા Photoshop માંથી કરી શકાય તથા જે પણ effect આપવી હોય તે બધી effect આપી શકાય.



Image માં Image Resolution, Size, Crop, etc. changes કરવા હોય તો Photoshop, Paint, Image Editor જેવા Program નો ઉપયોગ થાય છે.


Image Rollover...

આ એક બહુ સરસ effect છે કે જેમાં Page open થાય ત્યારે કોઈ એક image હોય તેના પર mouse pointer જાય એટલે Image change થઈ જાય અને જ્યારે click કરીએ ત્યારે કોઈ ત્રીજી image આવી જાય.



Step-1

Insert menu માં Image Object પર cursor લાવો એટલે Sub menu આવશે. તેમાં Rollover Image પર click કરો. ત્યારબાદ Insert Rollover Image નું dialog box આવશે.



Step-2

તેમાં Image name option માં Image નું નામ આપો. Original Image ના option માં Browse button પર click કરી જે Image ને Page download થાય ત્યારે open કરવી હોય તે select કરો.

Step-3

Rollover Image ના option માં Mouse Pointer Original Image ની ઉપર જાય ત્યારે જે Image જોઈતી હોય તેનો Path browse button પર click કરી select કરો.

Step-4

When Clicked ના option માં જ્યારે Image પર click કરો ત્યારે જે Image જોઈતી હોય તેનો Path આપો અથવા તો જો કોઈ Website open કરવી હોય તો તેનું નામ આપો.

Step-5


Alternate Text માં Image વિશે કોઈ Description આપવી હોય તે આપો. હવે જો Rollover Image જલ્દીથી download કરવી હોય તો Preload Rollover Image option ને select કરો. પછી OK button પર click કરો. હવે File ને Save કરો અને Preview જોવું.



આ option common Toolbar માંથી પણ મળશે.

Image Placement Holder...

જ્યારે Website નું Page બનાવીએ ત્યારે એવું બનશે કે ક્યારેક કોઈક Image complete થઈ ન હોય અથવા તે Image અત્યારે ન હોય પછી તે Image Page માં મૂકવાની આવશે તો તેના માટે અત્યારે Page માં Space છોડવી પડશે તો તેના માટે આ option નો ઉપયોગ થાય છે.




Step-1

જે જગ્યાએ Space રાખવી છે ત્યાં cursor રાખો.

Step-2

Insert Menu માં Image Object પર click કરતાં Submenu આવશે. તેમાં Image Placeholder પર click કરો. જેથી Image Placeholder નું dialog box આવશે.



Step-3

તેમાં Name option માં જે image મૂકવાની હોય તેનું નામ આપો. તે image માટે કેટલી જગ્યા છોડવી છે તેટલી width અને height option માં આપો.

Step-4

જે જગ્યાએ Image મૂકવાની છે ત્યાં ચોરસ કે લંબચોરસ આવી જશે. તેમાં જો color આપવો હોય તો color option ની મદદથી color આપો. Ok button પર click કરો એટલે તે image નું નામ તથા તેની width અને height પણ Placeholder માં આવી જશે.



આ option common Toolbar માંથી પણ મળશે.



હવે Placeholder ની જગ્યાએ Image મૂકવી છે તો તેના માટે સૌ પ્રથમ...

Placeholder box ને select કરો. Properties માં Src option માં folder ના symbol પર click કરો અને image નો Path select કરો. એટલે Place Holder ની જગ્યાએ Image આવી જશે.






Insert Flash File...



Step-1

સૌ પ્રથમ Common Toolbar માં media પર click કરી Flash option પર click કરો. જેથી Select File નું dialog box આવશે.





Step-2

તેમાં જે જગ્યાએ Flash file save કરી હોય ત્યાંથી flash file select કરો. જ્યારે flash માં file save કરીએ છીએ ત્યારે flash માં બે file બને છે. એક .swf ext. વાળી અને બીજી .fla ext. વાળી. તેમાંથી .swf વાળી file select કરવાની.

Step-3

તે file select કરી Ok button પર click કરો. ત્યારબાદ F12 આપી Preview જોવું.

Never discourage anyone...

who continually makes progress,

no matter how slow.



Chapter-6 Link

Introduction...

Dreamweaver ની અંદર Link કઈ રીતે અપાશે તે જોઈએ. સૌ પ્રથમ Link એટલે કોઈ Text પર કે Image પર Pointer લઈ જઈએ એટલે તે Pointer ની જગ્યાએ હાથનો symbol આવી જશે અને click કરતા તેને Related બીજુ Page open થઈ જશે. Link આપેલ Text મોટા ભાગે Underline અને color વાળી હોય છે અને તે link પર click કર્યા પછી એટલે કે એકવાર visit કર્યા પછી તે link નો color મોટા ભાગે બદલાઈ જાય છે.

A Part of Link...

- **Absolute Link :**


  આ એક એવી link છે કે જેના વડે open થતું page user ની website નું ન હોય એટલે કે કોઈ બીજી website નું હશે. અહીં આપવામાં આવતી link નું address http:// થી ચાલુ થતું હશે.

- **Relative Address :**

  આ Link વડે open થતા Page user ની website ના જ હોય છે, એટલે કે website માં જે બે Page વચ્ચે link આપીએ છે તે Relative link છે.

Link between Pages...


હવે બે page વચ્ચે link કઈ રીતે આપવી તે જોઈએ. આ link text તથા Image પરથી આપી શકાય.




સૌ પ્રથમ Design View માં Text લખો. તેને select કરો અને નીચે Properties માં link નું option આવશે. તેમાં browser ની મદદથી જે document ને link આપવી છે તેનો Path આપો. F12 આપી Preview જોવું. Cursor ને text પર લઈ જાઓ અને click કરો. Properties માં link નીચે Target option આવશે. તેમાં જો Document અલગ window માં open કરવો હોય તો blank select કરો.



જે file ને link આપશો તે HTML માં <a href> Tag ની વચ્ચે તે file નો આખો path આવશે. Image માં link આપવી હોય તો સરખી જ રીત છે.



જો કોઈ બીજી website નું page open કરવું હોય તો link option માં તે website નું address આપો. પરંતુ તે પહેલા આગળ http:// આપવું પડશે. તથા કમ્પ્યૂટરમાં Internet પણ Connect હોવું જરૂરી છે. તો જ website open થશે.



Hyperlink...


Step-1

સૌ પ્રથમ page માં text લખો જે text પર link આપવી છે તે text ને select કરો.



Step-2

Insert Menu માં Hyperlink પર click કરતાં Hyperlink નું dialog box આવી જશે.



Step-3

તેમાં link option માં text પર click કરો ત્યારે જે page open કરવું હોય તેનો Path આપો અથવા browse ની મદદથી select કરો.

Step-4

Page અલગ અલગ window માં ખોલવું છે કે તે જ window માં. જો તે જ window માં ખોલવું હોય તો self આપો.

Step-5

Title માં Document ને કોઈ નામ આપવું હોય તો તે આપો જેથી જ્યારે link પર જશો ત્યારે title બતાવશે. જેથી ખ્યાલ આવશે કે ક્યું page open થશે. F12 આપી Preview જુઓ.



આ option common Toolbar માંથી પણ મળશે.

Link by dragging...


Mouse થી drag કરીને પણ link આપી શકાય છે.

Step-1

સૌ પ્રથમ જે text ને link આપવી છે તે text લખી તેને select કરો.

Step-2

નીચે Properties માં link option પાસે Point to File ને mouse વડે drag કરી જે document ને link આપવી છે ત્યાં સુધી drag કરો.





Drag માટે તે document file toolbar માં display થતી હોવી જરૂરી છે.

Step-3


Drag કરશો એટલે તે Document નો path link option માં આવી જશે. F12 આપી preview જુઓ.

Email Link...

Website માં mail દ્વારા message કે feedback મેળવવા માટે e-mail link નો ઉપયોગ થાય છે.

Step-1

Insert Menu માં Email Link પર click કરતાં email link નું dialog box આવશે.



Step-2

તેમાં text option માં text લખો કે જેના પર email link આપવી છે.

Step-3

Email option માં આખું email ID આપો અને OK button પર click કરો.

Email Link

Text: click here for email

E-Mail: xyz@yahoo.com


OK

Cancel

Help


Step-4

Save કરી F12 આપી Preview જુઓ. તેમાં click કરતાં નવી Window Outlook Express માં open થશે. જેમાં E-mail Address To option માં લખેલ હશે.



Named Anchor...

Webpage ઘણું લાંબુ હોય ત્યારે Up, Down વગેરે જેવી inner pagelink આપવા માટે આ command નો ઉપયોગ થાય છે.



Step-1

સૌ પ્રથમ Design View માં Down અને Up type કરો.

Step-2

Down પાસે cursor રાખી Insert Menu માં Named command પર click કરો.

Step-3

અહીં Named Anchor ના dialog box માં Anchor Name માં Down type કરી OK button પર click કરો.



Step-4


ત્યારબાદ Down પાસે cursor રાખી Insert Menu માં Named command પર click કરો.

Step-5

અહીં Named Anchor ના dialog box માં Anchor Name માં Up type કરી OK button પર click કરો.

Step-6

હવે Down select કરીને properties માં point to file button પર click કરી up ઉપર drag કરો. જેથી screen માં દર્શાવ્યા મુજબ link માં #DOWN જોવા મળશે.



Step-7

ત્યારબાદ Up select કરીને properties માં point to file button પર click કરી Down ઉપર drag કરો. જેથી link માં #UP જોવા મળશે.



Note જો link માં #DOWN કે #UP જોવા ન મળે તો link set થઈ નથી એમ સમજવું.

Step-8


F12 Press કરી Priview જુઓ.

Hot Spot...

Webpage માં image નાં કોઈપણ ભાગ પર link આપવા માટે આ command નો ઉપયોગ થાય છે.

Step-1

સૌ પ્રથમ Image ને select કરો. એટલે Properties માં Hotspot ના ત્રણ option display થશે.



Step-2

તેમાંથી Rectangular અથવા Oval Tool પર click કરી Image પર square કે round Draw કરો.

Step-3

Properties માં link option આવશે. ત્યાં Browse ની મદદથી જે Document ને link આપવી હોય તેનો Path select કરો. તથા Target select કરો.

Step-4

Save કરી F12 આપી Preview જુઓ.



Square કે Round દોર્યા પછી તેને ખસેડવા માટે Pointer Hotspot નો ઉપયોગ કરો. Polygon Hotspot રીતે દોરી Shape બનાવવો હોય તેના માટે છે. Common Toolbar માંથી પણ આ option ખૂલશે.

Flash Button...


Link માટે કોઈ Image કે Text નો ઉપયોગ ન કરવો હોય પણ Flash button કે Flash Text નો ઉપયોગ કરવો હોય તો પણ કરી શકાય છે. Dreamweaver માં Flash Button તૈયાર આપેલા છે.

Step-1

Common Toolbar માં જાઓ. તેમાંથી media પર click કરી Flash Button પર click કરો.


Step-2

Flash button નું dialog box આવશે. તેમાંથી Flash button select કરો.



Step-3

Button પર જે text આપવી હોય તે Button Text માં લખો. તથા તે Text ની Font size અને Style change કરવી હોય તો change કરી શકાશે.



Step-4

Link માં Browse નો ઉપયોગ કરીને document નો Path select કરો. Target select કરો. તથા જે નામથી Button Save કરવું હોય તે નામ આપો. Apply અને Ok button પર click કરો. Save કરી F12 આપી Preview જુઓ.



Note *જે File ને link આપો તે Root folder માં હોવી જરૂરી છે.*

Flash Text...

Step-1


જે જગ્યાએ Text પર link આપવી હોય તે જગ્યા પર cursor રાખો.

Step-2

Common Toolbar માં જાઓ. તેમાંથી media પર click કરી Flash Text પર click કરો.


Step-3

Flash Text નું dialog box આવશે. તેમાં Font style, Size select કરો.



Step-4

Text નો color select કરો તથા Text પર જ્યારે cursor જાય ત્યારે Text color બદલાય તેવું જોઈએ તો Rollover color માં કોઈ બીજો color select કરો.



Step-5

Link option માં જે page ને link આપવી છે તે page નો path select કરો તથા Target select કરો. Bg Color માં Text ના Background માં color આપવો હોય તો Bg color option માં color select કરો.

Step-6


જે નામથી save કરવું હોય તે નામ આપો. Apply અને OK આપો તથા Save કરી F12 આપી preview જુઓ.

Page Properties...

હવે Text link જોઈ તેમાં link આપેલ text નો color change કરવો હોય એટલે કે તે text પર cursor જાય એટલે Text નો color change થાય. Visitor link નો color પણ અલગ બતાવે તથા visit તે link પર ના થઈ હોય એટલે કે Active Link નો color પણ અલગ બતાવે તો Page properties option નો ઉપયોગ કરો. By default linkનો color blue હોય છે.


Step-1

Modify Menu માં Page Properties પર click કરી Links option પર click કરી Link Text ની Font Style તથા size select કરો.



Step-2

Link આપેલ text નો જે color જોઈતો હોય તે Link color option માં select કરો.



Step-3

જ્યારે cursor Link Text પર જાય ત્યારે color change કરવો હોય તો Rollover option માં color select કરો.

Step-4

Link visited થયા પછી તેનો color change કરવો હોય તો Visited Links option માં અલગ Color select કરો. Link પર હજુ visit નથી કરી તેવું બતાવવું હોય તો તેનો color Active link માં select કરો. Link આપેલ text માં જો underline જોઈતી હોય તો Underline style option પર click કરો. Apply અને Ok button પર click કરો. Save કરી F12 આપી Preview જુઓ.

Chapter-7
Form

Introduction...

Website બનાવ્યા પછી User ની માહિતી જોઈતી હોય અથવા User Feedback આપે તેવું ઈચ્છતા હોઈએ તો તેના માટે Form બનાવવામાં આવે છે, કે જેથી user પાસેથી વ્યવસ્થિત રીતે Detail માં આપણને બધી માહિતી મળી રહે. ઘણી site માં user ને member બનાવવો હોય તો પણ form નો ઉપયોગ થાય છે. હવે આ form કઈ રીતે બનાવવું તે જોઈએ.

Form...

સૌ પ્રથમ Insert Menu માં Form પર click કરતાં submenu આવશે. તેમાં Form પર click કરો.

Text Field...



Step-I

સૌ પ્રથમ Insert Menu માં Form પર click કરતાં submenu આવશે. તેમાં Text Field પર click કરો.

Input Tag Accessibility Attributes

ID: Jayesh
Label: Jay
Style: Wrap with label tag / Attach label tag using 'for' attribute / No label tag
Position: Before form item / After form item
Access key: Tab Index:
OK / Cancel / Help
If you don't want to enter this information when inserting objects, change the Accessibility preferences.

Step-2

ત્યારબાદ Input Tag Accessibility Attributes ના dialog box માં ID માં Text Field નો જે ID રાખવો હોય તે type કરો. ત્યારબાદ યોગ્ય style તેમજ position select કરી tab index નંબર આપી OK button પર click કરો.

Step-3


Text Field ને select કરી Properties માં Char Width option માં જરૂરીયાત મુજબ Width આપો. આ option box ની size માટેનું છે.

Step-4

Max char option માં Char ની Maximum સંખ્યા enter કરો.

Step-5

Single Line option select કરો.



Step-6

Init val option માં જે text લખશો તે Form જ્યારે Net પર download થશે ત્યારે box માં તે જોવા મળશે. જેથી user ને hint મળે કે box માં શું લખવાનું છે.


Step-7

Text field Name માં text field નું નામ આપો કે જેથી Identify કરી શકાય.




Multiline Textfield...

User નું Address Store કરવા માટે Multiline નો ઉપયોગ થાય છે.



Text field લીધા પછી તેને select કરો. Properties માં Multiline option select કરો. Properties માં Num lines નવું option આવશે. તે box ની height set કરવા માટે છે.



Form ના submenu માં આવતું Text area અને Multiline Text field બંને સરખા છે.

Password...

Text field select કર્યા પછી Properties માં Password પર click કરતા field password type બની જશે તથા તેમાં આપેલ Text display થશે નહીં.

Password ●●●●●●●

Check Box...

જ્યારે user ને ઘણા બધા option પસંદ કરવા માટે આપવા હોય ત્યારે check box નો ઉપયોગ થાય છે. દા.ત. કોઈ Education ની site માં Student ને તેની Hobbies પૂછવાની હોય તો Check box નો ઉપયોગ થાય છે.

Untitled Document - Microsoft Internet Explorer
File Edit View Favorites Tools Help
Back Search Favorites
Address C:\Documents and Settings\admin\My Documents\Dhaval\form.html
Quick Heal Anti-Phishing ✓ Status: Safe

Hobbies

☐ Cricket ☐ Foot ball ☐ Hocky

Radio Button...

જ્યારે user પાસેથી Yes/No માં અથવા On/Off માં જવાબ જોઈતો હોય તો Radio Button નો ઉપયોગ થાય છે. Check box માં આપેલ option માં એકથી વધારે select કરી શકાય પણ Radio Button માં એક જ selection થશે. e.g. male, female.

Untitled Document - Microsoft Internet Explorer
File Edit View Favorites Tools Help
Back Search Favorites
Address C:\Documents and Settings\admin\My Documents\Dhaval\form.html
Quick Heal Anti-Phishing ✓ Status: Safe

Category


○ Male ○ Female

Radio Button Group...

Radio Button insert કરવા માટે વારંવાર Radio Button પર click કરવું પડે છે અને એક એક button insert થાય છે. એક સાથે Insert કરવા માટે આ option આપેલ છે.

Step-1

Radio Button Group પર click કરતા Radio Group નું dialog box આવશે તેમાં Name માં Group નું નામ આપો.




Step-2

બે Label Add કરેલા હશે તેમાં Radio button ના જે નામ આપવાનાં છે તે લખો. વધારે Insert કરવા હોય તો ⊞ sign પર click કરો.

Step-3

બધા Label અલગ લાઈનમાં જોઈતા હોય તો Line breaks પર click કરો અને અલગ લાઈનમાં ન જોઈતા હોય તો Table પર click કરો.




List...

આ option નો ઉપયોગ User ને ઘણા બધા option નું list આપેલ હોય તેમાંથી option select કરવાનું હોય ત્યારે થાય છે.

હવે જો Scrollbar box માં જોઈએ તો list ને select કરો તથા list માં જો user ને એક કરતા વધારે option select કરવા દેવા હોય તો પણ થઈ શકશે. જો Pull down menu જોઈએ તો menu select કરો. જેમાં એક જ Obejct select થશે.

Step-1

List/Menu પર click કરો ત્યારબાદ તેને select કરી Properties માં List પર click કરો ત્યારબાદ Height option માં કેટલી item એક સાથે box માં display કરવી છે. e.g. 2 આપો.



Step-2

[List Values...] button પર click કરો એટલે dialog box આવશે.

Step-3

Item label માં નામ આપો. વધારે નામ ઉમેરવા માટે [+] sign પર click કરો ત્યારબાદ [OK] Button પર click કરો.

Step-4

Selection Allow Multiple માં જો tick કરશો તો વધુ option select થઈ શકશે.

Step-5

F12 આપી Preview જોઈ લેવું.

Menu...

Step-1

Form ના Submenu માં જઈ List/Menu પર click કરો. પછી તેને select કરી Properties માં સૌ પ્રથમ Menu પર click કરો.



Step-2

List જોયું તે પ્રમાણે List + Value button પર click કરી Item Add કરો.




Step-3

હવે Pulldown menu આવશે.

Step-4

F12 આપી Preview જોઈ લેવું.



File Field...

User ને પોતાની file site માં attach કરવાની facilities આપવી હોય તો આ option નો ઉપયોગ થાય છે.

Preview માં Text field ની જેમ box આવશે તથા browse નું button આવશે કે જેની મદદથી user પોતાની File નો path select કરી શકે.




Jump Menu...

Jump menu List/Menu જેવું છે કે જેમાં ઘણા options જોવા મળશે પણ આ options પર user click કરશે તો તેને Related File Open થશે એટલે કે Hyperlink ની જેમ link આપેલ છે.

Step-1

Form ના submenu માં Jump Menu પર click કરો એટલે Jump Menu નું dialog box આવશે.



Step-2

તેમાં Text ના box માં item ને જે તે નામ આપો. Go to URL માં Browse... ની મદદથી Item પર click કરો એટલે જે open કરવાની હોય તે file નો path select કરો.

Step-3

બીજી Item ઉમેરવા માટે + પર click કરો. OK button પર click કરો. F12 કરી Preview જુઓ.



Button...

આખું Form તૈયાર થયા પછી તેને submit કરવા માટે Submit નું button મળશે અથવા Reset નું Button જોઈએ તો તે button અહીંથી બનશે. ટૂંકમાં કોઈપણ button અહીંથી બનશે.

Default Submit નું button આવશે. જો Reset નું button જોઈએ તો buttonને select કરી Properties માં Reset Form પર click કરો અને જો ખાલી button જોઈએ તો None પર click કરો.



Image Field...

Button ની જેમ કામ કરે છે પણ button ની જગ્યાએ Image Insert કરવી હોય તો થઈ શકશે.

Small opportunities are
often the beginning
of great enterprises.



Chapter-8

Frames

Introduction...


એક જ Page ની અંદર જ્યારે એક કરતાં વધારે Document insert કરવા હોય તો Frame નો ઉપયોગ થાય છે. Website માં જ્યારે એક page ની અંદર એક સાથે બે કે તેથી વધારે page display કરવા હોય ત્યારે Frame નો ઉપયોગ થાય છે. આ એક જ page ની અંદર રહેલા Pages ને Frame કહે છે. જો આ Frames માં વધારે Content હોય તો તેને Scroll પણ કરી શકાય છે. તે જ સમયે બીજી Frame Static હોય છે.

Insert a Frames...

Frames બનાવવા માટે Dreamweaver તૈયાર Layout આપે છે. જેમાંથી Select કરી Frameset બનાવી શકાય છે. આમાં જે Commonly use થતા હોય તેવા બે-ત્રણ Frame વાળા Layout છે.


Step-1

Welcome screen માં create from samples માં Frameset પર click કરો.



Step-2

New Document નો dialog box આવશે. તેમાંથી કોઈ એક Layout option માંથી Sample page select કરો. ત્યારબાદ Create button પર click કરો.






Step-3

જેથી Frame Tag Accessibility Attributes નું dialog box આવશે. તેમાં બધી જ Frame ને Title આપવાનું છે. એટલે કે Frame option માંથી frame select કરી Title option માં Title આપો.

Step-4

હવે એક જ page બે ભાગમાં એટલે કે બે Frame માં વહેંચાયેલું જોવા મળશે. Frame ની size ને requirement પ્રમાણે બદલી શકાય છે. તેના માટે mouse થી Dividing line ને drag કરો.



 *Welcome Screen ન આવે તો Insert menu ની મદદથી પણ Frame open કરી શકાય છે.*

Insert Menu પર click કરી HTML પર click કરતાં Submenu આવશે. તેમાં frames પર click કરતાં submenu આવશે. તેમાં ઘણા બધા Option માંથી કોઈ એક select કરો. Document માં Frame આવી જશે.

 Create a New Page in Frame...

Frame ની અંદર cursor રાખી Simple type કરી content add કરવાની છે. Image લેવી હોય તો પણ Simple જે રીતે image લઈએ છીએ તે જ રીતે લેવાની છે. પણ અહીં Save કરતી વખતે જેટલી Frame હશે તેટલી વાર Save કરવું પડશે. એટલે કે જો page માં બે frame હશે તો ત્રણ વાર save કરવું પડશે. પહેલી બે વખત બન્ને frame અને ત્રીજી વખત Frameset એટલે કે આખા document ને Save કરવા માટે File Menu માં Save As Frame પર click કરો અને Frame નું નામ આપો.

Insert a Page in Frame...


Step-1

Frameset માંથી કોઈ એક frame પર cursor રાખો. ત્યારબાદ Window Menu પર click કરી Frame option પર click કરો. જેથી Right side frame ની panel આવશે.

Window	
✔ Insert	Ctrl+F2
Properties	Ctrl+F3
CSS Styles	Shift+F11
AP Elements	F2
Databases	Ctrl+Shift+F10
Bindings	Ctrl+F10
Server Behaviors	Ctrl+F9
Components	Ctrl+F7
Files	F8
Assets	F11
Snippets	Shift+F9
Tag Inspector	F9
Behaviors	Shift+F4
Results	F7
Reference	Shift+F1
History	Shift+F10
Frames	Shift+F2
Code Inspector	F10
Timelines	Alt+F9
Workspace Layout	▸
Hide Panels	F4
Cascade	
Tile Horizontally	
Tile Vertically	
✔ 1 UntitledFrameset-2	

Step-2

Panel માં નાની Window open થશે. તેમાં જે Frame માં File insert કરવી છે તેના પર click કરો. નીચે Properties માં src માં browser ની મદદથી જે file insert કરવી છે તેની path select કરો.



Step-3

જેથી તે File આવી જશે. Properties માં Scroll option આવશે. તેમાં scrollbar જોઈએ છે કે નહીં તે માટે પૂછે છે. (અહીં Default લીધું છે.)

Dw Adobe DreamWeaver CS3

Chapter-9

Cascading Style Sheet


Introduction...

HTML ના tag યાદ રાખી Website બનાવવી અઘરી પડે છે. તેથી Web browser નો ઉપયોગ વધવા લાગ્યો. પરંતુ ઘણા બધા Web browser હોવાથી અમુક HTML ના tag ને અમુક Web browser support કરે છે અને અમુક નથી કરતા. તેથી Web page બરાબર open થતું નથી. આ Problem ના ઉપાય માટે Cascading Style Sheet અસ્તિત્વમાં આવી.

Create a Cascading Style Sheet...


Step-1

File menu માંથી New પર click કરો.



Step-2

જેથી New Document નું dialog box આવશે. તેમાં Blank page select કરો. તેમાં Page Type માં CSS select કરો.








Step-3

Create button પર click કરો એટલે untitled code window css document text સાથે આવશે, તેમાં Select for (HTML Tag) h1 Type કરો અને enter આપો.


Step-4

Curly bracket '{' કરો એટલે ઘણી બધી Properties સાથેનું Menu આવશે. તેમાંથી Font size properties select કરો. ત્યારબાદ બીજુ menu આવશે. તેમાં Font size ની value આપેલી છે. તેમાંથી કોઈ value select કરો. દા.ત. 36 px. વાક્યના છેડે semicolon(;) આપો અને Enter આપો. ત્યારબાદ ફરી Submenu આવશે.




Step-5

હવે તેમાંથી font family properties select કરી enter આપો. તરત જ બીજુ menu આવશે અહીં value select કરી enter આપો.



Step-6

ફરી semicolon આપી enter આપો. આવેલ submenu માં નવી Properties select કરો અને આગળ આવી ગયેલા steps repeat કરો.




Step-7


છેલ્લે semicolon(;) આપો અને Style ને complete કરવા માટે Curly Bracket } આપો.

Save a Cascading Style Sheet...

Selector નો ઉપયોગ કરવા માટે code ને Save કરવો જરૂરી છે.

File menu માં Save પર click કરતાં Save As નું dialog box આવશે. તેમાં File નું નામ આપો. અને Save As Type ના option માં Style Sheet (*.css) select કરીને Save button પર click કરો.






Attach a Cascading Style Sheet...

Step-1

નવું blank page લો અને તેને save કરો. Save કર્યા પછી તેમાં <html> અને <head> tag type કરો. CSS Panel માં Attach style sheet પર click કરો.



Step-2

તેનું Dialog box આવશે. તેમાં File/URL option માં browse ની મદદથી style sheet file ને select કરો. Add as માં link પર click કરો અને OK button પર click કરો



```
<!DOCTYPE html PUBLIC "-//W3C//DTD XHTML 1.0 Transitional//EN"
"http://www.w3.org/TR/xhtml1/DTD/xhtml1-transitional.dtd">
<html xmlns="http://www.w3.org/1999/xhtml">
<head>

<meta http-equiv="Content-Type" content="text/html; charset=utf-8" />
<title>Untitled Document</title>
<link href="C-world.css" rel="stylesheet" type="text/css" />
</head>
<hl>My First Heading<hl>


<body>
</body>
</html>
```

Step-3


ત્યારબાદ બતાવ્યા મુજબનો code આવશે. તેમાં બતાવ્યા પ્રમાણે type કરો.

Step-4

જેથી Design View માં style sheet માં કરેલા formatting પ્રમાણેનું format આવશે.




Create a Custom Style (User Defined Style)...



Step-1

CSS Style માં New CSS Rule પર click કરો.



Step-2


તેનું Dialog box આવશે. તેમાં Class option પર click કરો. Name option માં Style નું જે નામ આપવું હોય તે આપો.

Step-3

This Document only option પર click કરો. જેથી આપેલી Style આ Document માં જ Apply થશે. ત્યારબાદ OK Button પર click કરતાં આ મુજબનું Dialog box આવશે.

Step-4

તેમાં જે effect આપવી હોય તે આપો. ત્યારબાદ OK button પર click કરો. એટલે size તૈયાર થઈ જશે.




Apply a Custom Style in Document...

Step-1

Text લખી તેને select કરો. Properties માં style option માંથી તૈયાર કરેલી style select કરો.

Step-2

Formatting તે text માં આવી જશે.



Do not turn back

when you are just

at the goal.



Chapter-10

Template

Introduction...

Template website ના તૈયાર Layout આપે છે કે જેનો ઉપયોગ Webpage બનાવવામાં કરી શકાય છે. Template સામાન્ય રીતે HTML file બનાવવા માટે થાય છે. એટલે કે બધા page માં જે element repeat કરવાનાં છે તેને template બનાવો તથા જ્યારે તે master page ને update કરશે ત્યારે બધા page માં તે update થઈ જશે.

Create a Template...




હવે બનાવેલ Webpage ને Template કઈ રીતે બનાવવું તે જોઈએ. Template file નું extension .dwt હશે.

Step-1

સૌ પ્રથમ બનાવેલ web page open કરો.

Step-2

ત્યારબાદ Insert Menu માં Template Objects પર click કરતાં submenu આવશે તેમાં Make Template પર click કરો.




Step-3


જેથી Save As Template નું dialog box આવશે. તેમાં Site ના option માંથી site નું નામ પસંદ કરો. Template જે નામથી save કરવું છે તે નામ આપો. [Save] button પર click કરો.

Template બન્યું છે કે નહીં તે જોવા માટે File menu માં New પર click કરી તેમાં Page from Template option માં તમારી site ના નામ પર click કરી template ના નામ પર click કરતા Template જોવા મળશે.





Create a Template in Blank Document...




Step-1

સૌ પ્રથમ blank document લો. તેમાં Text, Image લઈને page તૈયાર કરો.

Step-2

ત્યારબાદ File Menu માં Save as Template પર click કરતાં Dialog box open થશે.




Step-3

તેમાં site નાં option માં Site નું નામ પસંદ કરો. Save As માં જે નામથી Save કરવું હોય તે નામ આપો અને Save button પર click કરો. જેથી Template file તૈયાર થઈ ગઈ હશે.

How to Create a Master Page ?

સૌ પ્રથમ Webpage બનાવો પછી તેમાં કેટલો ભાગ એવો છે કે જે Web site ના બધા જ page માં આવશે તે નક્કી કરો. એટલે કે Company name કે જે Header માં હોય, પછી button કે જેમાં page ની link આપેલી હોય. આવો common કેટલો ભાગ છે કે જે દરેક page પર આવશે તે નક્કી કરો. તે પછી બાકીનો ભાગ કે જે બધા page માં change થશે તે ભાગને select કરો.



Step-1

Insert Menu માં Template Object પર click કરી Editable Region પર click કરો.

Step-2

ત્યારબાદ File Menu માં Save as Template પર click કરતાં Dialog box open થશે.



Editable Region માં Web page નો એવો unlock ભાગ છે કે જેમાં page પ્રમાણે changes કરી શકાય છે.

આમ આ Master page બની જશે કે જેનું extension .dwt હશે.





હવે બીજા Webpage માં template નો ઉપયોગ કરવા માટે....




Step-1

સૌ પ્રથમ File Menu માં New પર click કરતાં New Document નું Dialog box open થશે. તેમાં Page from Template button પર click કરો. અને Site option માં site નું નામ પસંદ કરો.

Step-2

Template option માં template select કરો અને Create button પર click કરતાં Web page તૈયાર થઈ જશે.



હવે આ page માં જેટલા ભાગમાં Editable Region આપેલ છે તે ભાગની Text કે Image Delete થશે અને ત્યાં જે text કે Image મૂકવી છે તે મૂકી શકાશે. બાકીનો ભાગ lock થઈ ગયેલ હશે કે જેમાં changes કરી શકાશે નહિં.

હવે જ્યારે lock થયેલ ભાગમાં update કરવું છે તો Master Page માં જવું પડશે. Update ખાલી Master page માં કરી જ્યારે Save કરશો ત્યારે Related બધા જ Page માં update કરવું છે કે નહીં તે પૂછશે. જો Yes આપશો તો બધા જ page માં update થઈ જશે. એટલે કે Master Page માં About us button માં About us page ની link આપી save કરવું એટલે બધા જ page માં update કરવું છે કે નહીં તેમ પૂછશે તેમાં yes આપતાં બધા જ Page માં આ link જાતે જ આવી જશે.

Dw Adobe DreamWeaver CS3

Chapter-11

Create a Webpage

Table કઈ રીતે બનાવવું તે જોયું. Image કઈ રીતે Webpage માં લેવી તે જોયું તથા Link આપતાં પણ જોયું. હવે Webpage કઈ રીતે બનાવવું તે જોઈએ તથા તેમાં Table, Image અને link નો ઉપયોગ કઈ રીતે કરવો તે જોઈએ કે જેથી બરાબર ખ્યાલ આવી જાય કે તે Website ના page કઈ રીતે બનશે અને તેના પરથી કઈ રીતે આખી website બનશે.



Photoshop માં page ની size 800 x 600 અથવા 1024 x 768 લેવી.



સૌ પ્રથમ Photoshop માં Weblayout બનાવો. અહીં ઉદા. તરીકે એક Layout બનાવેલ છે. તેને Dreamweaver માં કઈ રીતે લાવવું તે જોઈએ.



Step-1

સૌ પ્રથમ Layout open કરો. હવે Photoshop ના Tool માંથી Slice Tool ને select કરો.

Step-2

Slice Tool ની મદદથી layout માં slice બનાવો. Home, About-us છે તે બધાની અલગ અલગ slice બનાવશું. એટલે કે Home ની અલગ Slice, About-us ની પણ અલગ. આમ, જેટલા button હોય તેની અલગ Slice બનાવીશું. બાકીનાં layout માં layout પ્રમાણે slice બનાવો.

Step-3

Slice બનાવ્યા પછી Slice Select Tool થી બધી Slice ને બરાબર ગોઠવો એટલે કે એક Slice માં બીજી slice આવી ન જાય. બરાબર બધી Slice એક લાઈનમાં જ આવવી જોઈએ. જો બરાબર Slice એક લાઈનમાં ન ગોઠવાય તો Dreamweaver માં Layout લેતી વખતે ભૂલ આવશે.




Step-4

હવે File Menu પર click કરો. તેમાં Save for Web પર click કરો.

Step-5

જેથી Save for Web નું dialog box આવશે તેમાં Save button પર click કરો. Save Optimized As નું Tool box આવશે.




Step-6

તેમાં એક Folder બનાવો. અને તેમાં File નું નામ આપી Save button પર click કરો અહીં Home નામ આપેલ છે.

Step-7

આમ File Save થશે. તથા save કરતા પહેલા Save As Type માં HTML and Image select કરો. જેથી Page HTML ની File તરીકે Save થશે. હવે Save for Web ના Tool box માં Done button પર click કરો.



અહીં image નામનું folder બની ગયું હશે. તે folder માં રહેલ image બધી .jpg file હશે. આ file જે slice tool ની મદદથી Slice બનાવેલી તે જ છે. Layout અહીં જેટલી slice બનાવી છે તેટલા slice માં વહેંચાઈ ગયું છે. હવે Photoshop close કરો તે પહેલા layout ને Photoshop માં પણ save કરી લેવું જેથી કરીને slice બરાબર ન હોય તો તે જ layout નો ઉપયોગ ફરી કરી શકાય.


હવે Dreamweaver માં Photoshop માં બનાવેલી Home નામની file open કરીએ. તેના માટે...

Step-1

સૌ પ્રથમ File menu માં Open પર click કરો. જેથી Open નો dialog box જોવા મળશે.

Step-2

અહીંથી Home.html file ને Open કરો.




Step-3

અહીં layout delete કરી Table create કરો. જેથી ભવિષ્યમાં Website ના Layout માં editing સરળતાથી કરી શકાય છે.

Step-4

અહીં 3 row અને 3 column વાળું table બનાવો અને layout બીજી column માં set કરો જેથી layout middle માં જ આવે. વધારે column અને row વાળું Table લઈ શકાય પણ સામાન્ય રીતે 3 row અને 3 column ના table માં જ પછી cell, row અને column જરૂરિયાત પ્રમાણે insert કરી શકાય છે.




Common

Image
Image Placeholder
Rollover Image
Fireworks HTML
Navigation Bar
Draw Rectangle Hotspot
Draw Oval Hotspot
Draw Polygon Hotspot

Step-5

હવે Table માં layout લેવા માટે cursor ને બીજી column માં રાખો. Insert menu માં Image પર click કરો અથવા Common Toolbar માં રહેલ Image button પર click કરો.



Step-6


જેથી Select Image Source નું Toolbox આવશે તેમાંથી Home file જે જગ્યાએ Save કરી છે તે Folder open કરી Image નામનું folder open કરો.

Step-7

તેમાંથી layout માં જે રીતે image મૂકવાની હોય તે રીતે image select કરો. અહીં સૌ પ્રથમ Computer World નાં logo વાળી image આવશે. તો image folder માંથી તેને select કરી OK button પર click કરતાં Image table માં insert થઈ જશે.

Step-8

આ જ રીતે એક પછી એક તમામ images લઈ જરૂરીયાત મુજબ column અને row insert કરતાં રહેવું.




Step-9

Layout માં logo પછી પાંચ button Add કરવા છે તો તેના માટે 5 column insert કરી column wise button insert કરો.

Step-10

Home page તૈયાર થઈ ગયા પછી બીજા તમામ page તૈયાર કરો. ત્યારબાદ યોગ્ય button select કરી તેની properties માંથી યોગ્ય button ને link આપો.

Popup Menu...




હવે Popup menu કઈ રીતે બનાવવું તે જોઈએ. Popup menu સામાન્ય રીતે button પર click કરતાં જોવા મળે છે.

Step-1

સૌ પ્રથમ Window menu માં Tag Inspector option પર click કરતાં Tag Inspector આવી જશે.

Step-2

તેમાં Behaviors માં [+] sign પર click કરી Show Popup menu પર click કરતાં Show Popup menu નું dialog box જોવા મળશે.




Step-3

અહીં Contents tab માં Text Option માં Popup menu માં જે button મૂકવાનાં છે તેનું નામ type કરો અને link set કરો.



Button Add કરવા માટે menu માં [+] sign પર click કરો.




Step-4

Appearance tab પર click કરી Horizontal કે Vertical menu set કરી Font type, size અને style select કરો.

Step-5

Advanced tab માં Cell ની width/height તેમજ border નો color અને width set કરો.




Step-6

ત્યારબાદ Position tab પર click કરી Popup ની position set કરો.

Step-7

OK button પર click કરી F12 આપી Preview જુઓ.



Website Uploading

*"If your actions inspire
others to dream more,
learn more, do more and
become more, you are a leader."*

Website Uploading

Introduction :

એક વખત Web pages ની મદદથી Website create થઈ ગયા પછી તે website ને internet ઉપર કેવી રીતે upload કરવી તેનો આ chapter માં અભ્યાસ કરીશું.

Website ને upload કરવા માટે Server(Host) name, Domain name વગેરેની જરૂર પડે છે.

Server(Host) name :

Server name એ કયા server પર website host થશે તે server PC નું નામ હોય છે.

Domain Name :

- Domain name એ internet ઉપર તમારી site ની ઓળખ આપે છે, જેને website address અથવા URL તરીકે પણ ઓળખવામાં આવે છે.
- દરેક websites તેના domain names દ્વારા જ ઓળખાય છે. (જેમકે, yahoo.com, google.com વગેરે).
- બે organizations પાસે એકસરખા domain હોઈ શકે નહીં. Domain name હંમેશા બે અથવા વધારે components નો સમાવેશ કરે છે જેને dot (.) દ્વારા અલગ પાડવામાં આવે છે.



Note

Domain Name user ને સરળતાથી યાદ રહે તેવું અને ટૂંકુ હોય તે વધારે યોગ્ય છે.

Here is the few reasons of why you get Domain name :

- Current market trend સાથે જળવાઈ રહેવા માટે.
- National & international customers ને business ની માહિતી પહોંચાડવા માટે.
- customers ને તમારા દ્વારા સારી services પૂરી પાડવા માટે.
- company registered trademark અથવા brand name સાથે સંકળાયેલી હોય ત્યારે.
- Company ની સંપૂર્ણ માહિતી પૂરી પાડવા માટે.

Characteristics for a Domain name :

- Alphabets ને સ્વીકારવામાં આવે છે. (e.g. Computerworld)
- Numbers ને સ્વીકારવામાં આવે છે. (e.g. 123429)
- Alphabets અને numbers (alphanumeric) ના combination ને સ્વીકારવામાં આવે છે. (e.g. computerworld123)
- ફક્ત non alphanumeric character જે hypen (-) ને સ્વીકારે છે. (e.g. computer-world)
- Domain name ની length 64 characters થી વધારે ન હોવી જોઈએ. (જેમાં extensions જેમકે .com નો પણ સમાવેશ થઈ જાય છે.)
- Domain extension valid હોવું જોઈએ. (e.g., .com, .org, .net)

- આ ઉપરાંત domain names case-in sensitive છે. તે lower-case અને upper-case letters વચ્ચે difference દર્શાવતું નથી.

  e.g. COMPUTERWORLD.com અને computerworld.com બંને સરખા જ છે.

Domain Extension :

- Domain name ની સાથે .(dot) પછી extension આપવામાં આવે છે. દરેક domain name નો અંત top-level domain (TLD) name માં થાય છે.
- Top level domain (TLD) એ generic top level domains (gTLD) અને country code top level domains (ccTLD) તરીકે categorized થાય છે.
- Table of Top Level Generic extensions (gTLD)

Extension Name	Usage (ઉપયોગ)
.aero	Air-transport industry sites માટે reserve છે.
.biz	Business web sites માટે restricted છે.
.com	વધારે ઉપયોગમાં આવતું extension છે. – commercial માટે છે.
.coop	cooperative associations માટે reserved છે.
.info	information માટે છે.
.museum	museums માટે reserved છે.
.name	individuals માટે reserved છે.
.net	Network infrastructure machines અને organizations માટે છે અને commonly ઉપયોગમાં આવતું extension છે.
.org	Organizations માટે છે અને commonly ઉપયોગમાં આવતું extension છે.
.gov	ખાસ reserved extension છે. (government related)
.edu	4-year, degree granting colleges/universities માટે છે.
.rec	મનોરંજન site માટે છે.
.web	www સંબંધિત કાર્ય
.arts	કલા સંસ્કૃતિ


- .com, .net અને .org માં restriction વગર domain name ને register કરી શકાય છે.
- આ ઉપરાંત બીજા ઘણા domain extension છે જેવા કે, .in, .co.in, net.in, org.in, firm.in, gen.in (general), ind.in (individuals), ac.in (Academic), res.in (Indian research institutes), gov.in (Indian Government), mil.in (Indian Military)
- ઘણી બધી sites domain names register કરવાની સગવડ પૂરી પાડે છે.
  - www.webinfotechindia.com
  - in.business.yahoo.com
  - www.yoursitedomainnames.com
  - www.webserverindia.com
  - www.idotz.net
  - www.net4.in
  - www.maddogdomains.com
  - www.logichub.com
  - www.net4domains.com
  - www.domainz.in
  - www.registry.in
  - www.domainregister.in
  - www.hioxindia.com
  - www.domains.mu
  - www.mywebindia.com
  - www.enames4you.com
  - www.ewebguru.com
  - www.indiahosting.org
  - www.domainsearchindia.com
  - www.webcomindia.net
  - www.indiaaccess.com
  - www.domains.indiatimes.com
  - www.domainregistrationindia.com
  - www.indiainternets.com

- Domain names અમુક price ચૂકવીને આપેલ સમય મર્યાદા માટે ખરીદી શકાય છે. Domain names minimum 1 વર્ષ માટે અને maximum 5 વર્ષ માટે register થઈ શકે છે. Term ના અંતે તેની જાતે renew પણ થઈ શકે છે.
- અલગ-અલગ વર્ષ માટે domain names ની અલગ-અલગ price હોય છે.
- Domain name address forwarding service ની જેમ work કરે છે. Computer ઉપર website ના બધા content unique address સાથે આવે છે, જેને IP address કહેવામાં આવે છે. આ IP address number ની series થી બનેલ હોય છે. (જેમકે 192.168.10.254). જ્યારે internet થી connect થવામાં આવે ત્યારે ip address machine પર assign થાય છે.

Uploading a website using FTP :

- Website ને software ની મદદથી કેવી રીતે upload કરવી તે સમજીએ.

  FileZilla નામનું એક software છે જેની મદદથી webpages ને upload કરી શકાય છે. આ software computer માં install કરવું.
- સૌ પ્રથમ Filezilla software open કરવું. જેથી Filezilla નામની window open થશે.




➪ આ window માં અલગ અલગ Menu (જેમકે File, Edit, view વગેરે) તથા અલગ-અલગ Text box (Host, username, password વગેરે) અને Local site, Remote site એમ અલગ-અલગ ભાગ જોવા મળે છે.

➪ અહીં Host ની બાજુના textbox માં Host (server) name type કરવું. Username અને password ની બાજુના textbox માં અનુક્રમે Username અને password type કરવા. (આ username અને password એ user પોતાની site માં જે username અને password થી login થશે તે હશે.) ત્યારબાદ Quickconnect button પર click કરવું. જેથી connectivity process જોવા મળશે. જો successfully connect થઈ જશે તો Directory listing successful એવો message display થશે અને જો connect નહીં થાય તો could not connect to server એવી error જોવા મળશે.



Note

એક વખત connection successfully થયા બાદ પણ could not connect to server ની error આવી શકે છે. જો આવું થાય તો ફરીથી connect થવા માટે Quickconnect button પર click કરવું અને જ્યાં સુધી successfully connect ન થાય ત્યાં સુધી Quickconnect button પર click કરવું. (Server ને Reconnect કરવાનો બીજો option પણ છે : Server menu → Reconnect અથવા Ctrl + R)



➪ અહીં local site અને Remote site એમ બે ભાગ જોવા મળે છે. Local site બાજુના ભાગમાં computer માં આવેલ જુદા જુદા drives જોવા મળે છે કે જેમાં site માં upload કરવા માટેના web pages store કરેલ હશે. જ્યારે Remote site બાજુના ભાગમાં upload કરવા માટેના web pages ને મૂકવામાં આવે છે.

➪ હવે local site ની બાજુમાંથી કોઈપણ drive કે જ્યાં web page store કરેલા હશે તે drive select કરવું. જેથી તેની નીચેના ભાગમાં તે drive ના તમામ contents જોવા મળશે.

vikasshah.150m.com@www.0catch.com - FileZilla

File Edit View Transfer Server Help New version available!

Host: www.0catch.com Username: ikasshah.150m.com Password: ••••••••• Port: Quickconnect

Command: PWD
Response: 257 "/" is cwd.
Status: Directory listing successful

Local site: gs\Administrator\Desktop\New Folder\Logos\

Application Data
Cookies
Desktop
New Folder
Logos
Office-2003

Remote site: /

Filename	Filesize	Filetype	Last modified
..			
index_files		File Folder	12/4/2008 2...
CW.jpg	76,511	JPEG Im...	12/3/2008 6...
index.htm	8,003	HTML D...	12/4/2008 2...
Live.jpg	106,...	JPEG Im...	12/3/2008 6...

Filename	Filesize	Filetype	Last modified	Permissions	Owr
..					
index_fi...		File F...	12/4/2008 ...	drwxr-xr-x	nob
index.htm	7,790	HTML...	12/4/2008 ...	-rw-r--r--	nob

Server / Local file | Direction | Remote file | Size | Priority | Status

Queued files | Failed transfers | Successful transfers

Queue: 0 bytes




Note

અહીં Ms-word માં એક page બનાવેલ છે જેને index.html થી save કરવું.


અહીં FileZilla ની જેમ.......

Classic FTP	**Fresh FTP**	**Filezilla FTP**	**Access FTP**	**Upload Express**
Fling FTP	**WorldWide FTP**	**Power FTP**	**RightLoad**	**Briz Web Publisher**
Automatic FTP	**Cute FTP**	**Terrapin FTP**	**Arendaine**	**DigitalAccess FTP**


.......વગેરે જેવા Website Uploading માટેના FTP softwares available છે.



➪ ત્યારબાદ જે folder માં web page store કરેલ હોય તે folder માં જઈ web page select કરી Remote side drag અને drop કરવું. જેથી નીચે transferring process જોવા મળશે.



- Window માં સૌથી નીચે ત્રણ tab જોવા મળે છે :
  - Queued files
  - Failed transfers
  - Successful transfers
- Queued files માં transfer થતી files માંથી કેટલી file transfer થવાની બાકી છે તે જોવા મળશે. Failed transfers માં જે file નું successful transfer ન થાય એટલે કે file નું transferring fail થાય તે દરેક file જોવા મળશે.
- Successful transfers માં transfer થતી files માંથી જેટલી file successful transfer થઈ હશે તે જોવા મળશે.
- File successful transfer થયા બાદ Remote site ની નીચેના ભાગમાં જોવા મળશે. અહીં index-files નામનું folder પહેલેથી જ હશે જેમાં supported files store થાય છે.



Disconnect :


- Current connect થયેલ server માંથી disconnect થવા માટે server menu માં જઈ Disconnect option select કરવું. અથવા keyboard માંથી Ctrl + D press કરવું.
- હવે website ને check કરવી કે page upload થયેલ છે કે નહીં.
- આ માટે Internet explorer open કરવું.



Note

Internet connection હોવું જરૂરી છે.

- અગાઉ આપણે MS-Word માં એક web page બનાવ્યું હતું અને જેને index.html થી save કરેલ હતું અને તે જ page ને upload કર્યું હતું.
- હવે internet explorer ના addressbar માં જઈ domain name type કરવું. (અહીં www.vikasshah.150m.com type કરવું.) જેથી નીચે મુજબ page જોવા મળશે.



- આ રીતે કોઈ પણ webpage ને website માં upload કરી શકાય છે.

Web Space ખરીદતાં પહેલાં ધ્યાનમાં રાખવાની બાબતો :

- Web Designing પૂરું થઈ જાય તે પછી જ web space ખરીદવી જેથી ખ્યાલ આવે કે કેટલી web space ની જરૂર છે અને આગળ કેટલી web space ની જરૂર પડશે.
- ઓછી price માં વધારે space અને facility મળી રહે તે માટે search કરવું જોઈએ.
- Web hosting comapany web space સાથે Email space ની સગવડ પૂરી પાડે છે કે નહીં તે જાણવું જરૂરી છે.
- કેટલા email accounts provide કરશે તેની પણ માહિતી મેળવવી જોઈએ.
- Email માટે Anti-virus ની facility છે કે નહીં.
- ક્યો database support કરે છે તે જાણવું જોઈએ.
- કેટલો Data Transfer rate મળશે?
- કેટલા FTP accounts તેમજ sub domains provide કરશે?
- Website Templates, Site builder free માં મળશે કે નહીં?
- ક્યા Technical Features (ASP.NET, PHP) support કરે છે?
- Monthly Pricing અને Yearly Pricing ની માહિતી મેળવવી જોઈએ.
- Web hosting company એ Back-up ની સગવડ પૂરી પાડે છે કે નહીં?